ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

15 JUNE,2025 SUNDAY



પેજ 2



ડભોઈ નાંદોદી ભાગોળ સ્થિત ખોડિયાર માતાના મંદિરે 15 મો પાટોત્સવ યોજાયો

પેજ 3



જુના વાહન લે-વેચ કરતા ઈસમો વિરુદ્ધ જાહેરનામા ભંગના કુલ-૬૩ ગુના દાખલ

પેજ 7



GCCI દ્વારા ૧ થી ૧૫ જૂન, દરમિયાન આયોજિત થયેલ પખવાડિક "મેગા બ્લડ ડોનેશન કેમ્પ"

પેજ 5

પંકજ ત્રિપાઠી લાલ રંગની સ્કર્ટ પહેરી રસ્તા પર દોડતા જોવા મળ્યા

pakkogujarat/ | Vol. 10 I Issue : 92 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com

### રાજસ્થાન ટેક્સ કન્સલ્ટન્ટ એસોસિએશનના 61 લોકોની ટીમ જ્યોર્જિયામાં ફસાઈ

# ઈઝરાયલ-ઈરાન યુદ્ધ: ફસાયેલા ભારતીયોએ મદદ માગી

## ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભયાનક હુમલા વધતા ભારતીયો સાવધાન, દૂતાવાસે જાહેર કરી એડવાઈઝરી

• ન્યુ દિલ્હી

ઈઝરાયલ-ઈરાને એકબીજા પર ભયાનક હુમલાઓ કરતા યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. બંને દેશો વચ્ચે સંભવિત યુદ્ધને ધ્યાને રાખી અનેક દેશોની એરલાઈન્સે તમામ ફ્લાઈટે રદ કરી દીધી છે, જેના કારણે વિદેશોમાં મોટી સંખ્યામાં ભારતીય ફસાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે.રાજસ્થાનથી ચાર્ટર્ડ એકાઉન્ટ એસોસિએશનના 61 રાજસ્થાની નાગરિકો જ્યોર્જિયા ગયા છે, જેઓ તણાવના કારણે ત્યાં જ ફસાઈ ગયા છે. એસોસિએશને સીએની ટીમને જ્યોર્જિયામાં કોન્ફરન્સમાં સામેલ થવા મોકલી હતી. જોકે ઈઝરાયલ અને ઈરાક વચ્ચે હુમલાઓ વધતા, ટીમ અને તેમના પરિવારનો લોકો ત્યાં જ અટવાઈ ગયા છે. ફસાયેલા લોકોની મદદ કરવા માટે જેલસમેરના સીએ ભાવિક ભાટીયાએ સરકારને ટ્વિટ કરીને મદદ માંગી છે. તેમણે પીએમઓ નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી એસ.જયશંકર સહિત અન્ય લોકોને ટ્વિટ કરીને ફસાયેલા લોકોને ત્યાંથી બહાર કાઢવા માટે વિનંતી કરી છે.રાજસ્થાન ટેક્સ કન્સલ્ટન્ટ એસોસિએશનના 61 લોકોની ટીમ પરિવાર સાથે 8 જૂનની ફ્લાઈટમાં જયપુરથી જ્યોર્જિયા ગઈ હતી. જ્યોર્જિયાના ત્બિલિસી શહેરમાં રેસિડેન્શિયલ રિફ્રેશર કોર્સનું આયોજન કરાયું હતું, જેમાં સામેલ થવા માટે આ લોકો ત્યાં ગયા હતા. 61 નાગરિકોમાં ત્રણ બાળકો પણ સામેલ છે. આ તમામ લોકો 13 જૂને પરત ફરવાના હતા, જોકે સંભવિત યુદ્ધના કારણે તમામ ફ્લાઈટો રદ થતા તમામ 61 નાગરિકો જ્યોર્જિમાં ફસાઈ ગયા છે.ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલે શુક્રવારે (13 જૂન) સવારે ઓપરેશન રાઈજિંગ હેઠળ ઈરાનના પરમાણુ અને સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. ઈરાન ન્યૂક્લિયર પાવર બનાવવાની દિશામાં ઝડપી કામગીરી કરી રહ્યું હોવાથી ઈઝરાયલને વાંધો પડ્યો છે. આ જ કારણે ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર અનેક હુમલાઓ કરી મોટું નુકસાન કર્યું છે. ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદે દાણચોરીથી 200 ડ્રોન સિસ્ટમ ઈરાનમાં ઘુસાડી સંરક્ષણ સિસ્ટમ ઠપ કરી 200 ફાઈટર જેટ અને ડ્રોનથી 100થી વધુ સ્થળો પર બોમ્બમારો કર્યો છે, જેમાં 100ના મોત અને 400થી વધુ ઘાયલ થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. હુમલામાં ઈરાનના કમાન્ડર ઈન ચીફ, આર્મી વડા, 20 કમાન્ડર અને છ પરમાણુ વૈજ્ઞાનિકોના મોત થયા છે. ઈરાનના વળતા હુમલાના ભયથી ઈઝરાયેલે સમગ્ર દેશમાં ઈમર્જન્સી લાગુ કરવાની સાથે વિશ્વભરમાં દૂતાવાસો બંધ કરી દીધા છે. બીજી તરફ ઈઝરાયલને મદદ કરવા માટે અમેરિકાએ જહાજો-સૈન્ય સંશાધનો મધ્ય-પૂર્વમાં ખસેડ્યા છે. આ સાથે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે ધમકી આપી છે કે, 'ઈરાન પરમાણુ સોદો નહીં કરે તો નકશામાંથી ભૂંસાઈ જશે. ઈઝરાયલ પાસે અમેરિકન હથિયારોનો ભંડાર છે. ઈરાન વધુ પ્રચંડ અને ક્રૂર હુમલા શરૂ કરશે તો તે બચી નહીં શકે.' જોકે ઈઝરાયલના હુમલા અને ટ્રમ્પની ધમકી છતાં ઈરાને અમેરિકા સાથેની પરમાણુ વાટાઘાટો રદ કરી દીધી છે, જેના કારણે આગામી સમયમાં હજુ મોટા હુમલાની સંભાવના વધી ગઈ છે. ભારતીયો કટોકટી સમયે ભારતીયો દૂતાવાસનો તાત્કાલિક સંપર્ક કરી શકે તે માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરાયો છે. દૂતાવાસે કહ્યું છે કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સ્થિતિ વણસી છે, જેના કારણે ભારતીયોએ સાવચેત રહેવાની જરૂર છે. ભારતીય દૂતાવાસ (Indian Embassy)ની એડવાઈઝરીમાં કહેવાયું છે કે, ઈઝરાયલ-ઈરાન વચ્ચે સ્થિતિ તંગ બની ગઈ છે, જેના કારણે ત્યાં રહેતા ભારતીયોએ ઘરમાંથી બહાર જવાનું ટાળવું જોઈએ. કોઈપણ ભારતીય ઈમરજન્સી કામ વગર ઘરમાંથી બહાર ન નીકળે. કોઈપણ નવી સૂચના કે આદેશની માહિતી મેળવવા માટે ભારતીય દૂતાવાસના સોશિયલ મીડિયા એકાઉન્ટને ફોલો કરવાનું રાખે. જો કોઈ ઈમરજન્સી ઉભી થાય તો ભારતીય દૂતાવાસના મોબાઈલ નંબર 9128109115 અને 9128109109 પર સંપર્ક કરવા પણ એડવાઈઝરીમાં કહેવાયું છે.



### કાટમાળ રસ્તાથી 500 મીટર નીચે નાળામાં પડ્યો

## હિમાચલના ચંબા જિલ્લામાં પહાડ ધરાશાયી થતાં વાહનવ્યવહાર બંધ; કોઈ જાનહાનિ નહીં

• ભરમૌર

આજે સવારે હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં રસ્તા પર એક આખો પહાડ તૂટી પડ્યો. સદનસીબે કોઈ વાહન એની ચપેટમાં આવ્યું નહીં. સ્થળ પર હાજર લોકોએ ભયનો અહેસાસ કર્યો અને દૂર જ થોભી ગયા. આ પછી થોડી જ વારમાં પહાડ રસ્તા પર પડી ગયો. કોઈએ એનો વીડિયો બનાવ્યો, જે હવે સોશિયલ મીડિયા પર વધુ ને વધુ વાઈરલ થઈ રહ્યો છે.





ચંબા જિલ્લાના ભરમૌર વિધાનસભા મતવિસ્તારના બાસુ કુંડી સુનારા રોડ પર આ ભૂસ્ખલન થયું હતું. પહાડ ધરાશાયી થયા પછી ચારથી પાંચ મિનિટ સુધી ધૂળ ઊડતી રહી. પહાડનો કાટમાળ રસ્તાથી લગભગ 500 મીટર નીચે નાળામાં પડ્યો હતો.વાહનો માટે રસ્તો બંધ અત્યારસુધી મળેલી માહિતી મુજબ, કોઈ જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થયું નથી. ઘટનાસ્થળે હાજર લોકો દોડી રહ્યા છે અને ટેકરી નીચે રહેતા લોકોને ચેતવણી આપી રહ્યા છે. આનાથી મોટી દુર્ઘટના ટળી ગઈ. ભૂસ્ખલન પછી રસ્તો વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. વહીવટીતંત્રે સ્થાનિક લોકોને વૈકલ્પિક રસ્તા પરથી મુસાફરી કરવાની અપીલ કરી છે.

સામાન્ય રીતે ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે હિમાચલમાં આવા ભૂસ્ખલન થાય છે, પરંતુ ભરમૌરમાં આ ભૂસ્ખલન વરસાદ પહેલાં થયું હતું.

## અમેરિકામાં બે સાંસદોને ઘરમાં ઘુસીને ગોળી મારતાં મોત

• વોશિંગ્ટન

મિનેસોટાના બે ડેમોક્રેટિક સાંસદોને તેમના ઘરમાં ગોળી મારી દેવામાં આવી હતી. પહેલી ઘટનામાં, ડેમોક્રેટિક સ્ટેટ રિપ્રેઝન્ટેટિવ મેલિસા હોર્ટમેન અને તેમના પતિ માર્કનું મૃત્યુ થયું હતું. બીજી ઘટ નામાં, ડેમોક્રેટિક સ્ટેટ સેનેટર જો ન હોફમેન અને તેમની પત્ની ય વેટને ગોળી મારી દેવા માં આવી હતી. બંને ઘાયલ થયા છે. બંનેની સર્જરી કરવામાં આવી છે અને ડોકટરોને આશા છે કે તેઓ બચી જશે.આ માહિતી મિને સો ટાના ગવર્નર ટિમ વોલ્ઝે આ પી હતી. તેમણે કહ્યું કે આ હુમલો રાજકીય કારણોસર કરવામાં આવ્યો હોય તેવું લાગે છે.વોલ્ઝે કહ્યું કે પોલીસને મિનેપોલિસ નજીકના બે વિસ્તારોમાં ગોળીબારની માહિતી મળી હતી- ચેમ્પલિન અને બ્રુકલિન પાર્ક. અમે આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છીએ.

પોલીસે જણાવ્યું હતું કે બંને સાંસદોના ઘર ચેમ્પલિન અને બ્રુકલિન પાર્કમાં એકબીજાથી થોડા માઈલ દૂર છે. સેનેટર હોફમેન અને તેમની પત્ની યવેટને શનિવારે સવારે 2 વાગ્યે, ભારતીય સમય મુજબ સવારે 11:30 વાગ્યે ચેમ્પલિનમાં ગોળી મારી દેવામાં આવી હતી.હોફમેનને ઓછામાં ઓછી બે અને યવેટને ત્રણ વાર ગોળી મારી દેવામાં આવી હતી. આ દંપતી તેમની પુત્રી હોપ સાથે પણ રહે છે. જોકે, ઘટના સમયે તે ઘરે હતી કે નહીં તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. મેલિસા હોર્ટમેન અને તેના પતિ માર્ક પર બ્રુકલિન પાર્ક વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યો હતો.

## યુદ્ધના ખતરા વચ્ચે ઈરાને ત્રણ દેશોને આપી ધમકી

• તેહરાન

અમેરિકા સાથે પરમાણુ સોદો રદ કરનાર ઈરાન પર ઈઝરાયલે અનેક હુમલો કરી રહ્યું છે, જેના કારણે મધ્ય પૂર્વમાં યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. પરમાણુ વિવાદ બાદ ઈરાન અને ઈઝરાયલ એકબીજા પર ભયાનક હુમલાઓ કરી રહ્યા છે, જેમાં અને લોકોના મોત થઈ રહ્યા છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે ઈરાને અમેરિકા, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગ્ડમને ધમકી આપી છે કે, જો તેઓ ઈઝરાયલ વિરુદ્ધ હુમલા અટકાવશે તો તેમના જહાજો અને સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવાશે.

ઈઝરાયલી એરક્રાફ્ટોએ શનિવારે તહેરાન પર બોંબમારો કર્યો હતો, તો ઈરાને મિસાઈલો અને ડ્રોનથી વળતો જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે. ઈરાને કહ્યું છે કે, અમે ઈઝરાયલ પર એવા હુમલા કરીશું કે જેનાથી તેઓએ પછતાવું પડશે. શનિવારે ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલા કર્યા હતા, જેમાં અનેક લોકોના મોત અને ઈજાગ્રસ્ત થયા હતા.

## જેસલમેર-પુણેમાં ભારે વરસાદ, રસ્તાઓ પર પાણી ભરાયા

નવી દિલ્હી

ચોમાસાએ ફરી ગતિ પકડી છે. 16 જૂન સુધીમાં ચોમાસુ મધ્યપ્રદેશમાં એન્ટ્રી કરી શકે છે. આજે સવારે રાજસ્થાનના જેસલમેરમાં વરસાદ પડ્યો. હવામાન વિભાગે 23 જિલ્લામાં વાવાઝોડા અને વરસાદની આગાહી કરી છે. શુક્રવારે શ્રીગંગાનગર દેશનું સૌથી ગરમ શહેર હતું. અહીં તાપમાન 49.4 ડિગ્રી સુધી પહોંચ્યું હતું.અગાઉ, 1 જૂન, 2018ના રોજ શ્રી ગંગાનગરમાં 49.1 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. શ્રી ગંગાનગરમાં જૂન મહિનામાં અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન 14 જૂન, 1934 ના રોજ 50 ડિગ્રી નોંધાયું હતું.હવામાન વિભાગે શનિવારે યુપી, પંજાબ-હરિયાણા સહિત દેશના 7 રાજ્યોમાં હીટવેવ એલર્ટ જારી કર્યું છે. સિરસામાં તાપમાનનો પારો 47.6C નોંધાયો હતો. હિસારમાં 44.6C હતો. ગુરુગ્રામમાં મહત્તમ તાપમાન 44C નોંધાયું હતું. આજે દિલ્હીમાં વાવાઝોડું આવવાની શક્યતા છે.આ તરફ ગઈ રાત્રે પુણેમાં ભારે વરસાદ પડ્યો હતો. પિંપરી ચિંચવડ શહેરના રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. ચારથી પાંચ વાહનો નાળામાં તણાઈ ગયા હતા, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

આજે બિહારના 4 જિલ્લામાં લુ ફૂંકાય તેવી શક્યતા છે. રોહતાસ, ઔરંગાબાદ, અરવલ અને ભોજપુરમાં તાપમાન 42 ડિગ્રીથી ઉપર પહોંચી શકે છે.હવામાન વિભાગે પટના, નાલંદા, ગયા, મુઝફ્ફરપુર સહીત 24 જીલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ પડવાની શક્યતા જણાવી છે. જો કે આગામી 18 કલાક સુધી પ્રદેશના મોટાભાગના વિસ્તારમાં ગરમીનો અનુભવાશે.

## NEET UG 2025નું પરિણામ જાહેર, ટોપ 10માં ગુજરાતના 2 વિદ્યાર્થી

### 75 વિદ્યાર્થીઓના પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે

• ન્યુ દિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ શનિવારે NEET UG 2025નું પરિણામ જાહેર કર્યું, જેમાં ગુજરાતના બે વિદ્યાર્થીએ ટોપ 10માં સ્થાન મેળવ્યું છે. રાજસ્થાનના હનુમાનગઢના મહેશ કેશવાનીએ પ્રથમ ક્રમ મેળવ્યો છે અને ઈન્દોરના ઉત્કર્ષ અવધિયાએ બીજો ક્રમ મેળવ્યો છે. ઉમેદવારો NTA exam.nta.ac.in/NEETની સત્તાવાર વેબસાઈટ પર લોગ-ઈન કરીને NEET પરિણામ 2025 ડાઉનલોડ કરી શકે છે. આ ઉપરાંત પરિણામ neet.ntaonline.in અથવા exam.nta.ac.in પર પણ જોઈ શકાય છે.ઈન્દોર કેન્દ્રો પર NEET UG પરીક્ષા આપનારા 75 ઉમેદવારે ફરિયાદ કરી હતી કે 4 મેના રોજ તોફાન અને વીજળી ડૂલ થવાને કારણે તેમનું પેપર બગડ્યું હતું. મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેન્ચમાં દાખલ કરાયેલી અરજીઓની સુનાવણી 9 જૂને થઈ હતી. કોર્ટે કહ્યું હતું કે NTA આ 75 ઉમેદવાર સિવાયનાં બધાનાં પરિણામો જાહેર કરી શકે છે.આ 75 વિદ્યાર્થીનાં પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે. આ પછી NEET UG 2025નું અંતિમ મેરિટ બનાવવામાં આવશે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આજે મેડિકલ પેરા મેડિકલમાં પ્રવેશ માટેની UG NEETની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં સૌરાષ્ટ્ર ટોપર તરીકે રાજકોટની એલન ઈન્સ્ટિટયૂટનો વિદ્યાર્થી નમ્ય પાનેલિયા છે. જેનો ઓલ ઈન્ડિયા રેન્ક 55 છે. જેમનું ફેમિલી બેકગ્રાઉન્ડ ડોક્ટર્સનુ હોવાથી તે પણ ડોક્ટર બનવા માંગે છે. જ્યારે આ જ ઈન્સ્ટિટયૂટનો અન્ય વિદ્યાર્થી રુદ્ર બાવિસી સૌરાષ્ટ્રમાં બીજા ક્રમે છે. જેનો ઓલ ઈન્ડિયા રેન્ક 57 છે. જેમના પિતા બિઝનેસમેન તો માતા શિક્ષક છે. કોટામાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓએ ટોપ 10માં સ્થાન મેળવ્યું છે. મૃણાલ કિશોર ઝા (દિલ્હી) ચોથો ક્રમ, કેશવ મિત્તલ (ચંડીગઢ) સાતમો ક્રમ અને ભવ્ય ઝા (અમદાવાદ) આઠમો ક્રમ મેળવ્યો છે.

### મિડલ ઈસ્ટમાં ભારેલો અગ્નિ

## ઈઝરાયલના હુમલામાં ઈરાનના વધુ બે જનરલના મોત નીપજ્યાં

• તેહરાન

ઈઝરાયલ અને ઈરાન એકબીજા પર ભયાનક હુમલા કરી રહ્યા છે. 13 જૂનથી 14 જૂન દરમિયાન બંને દેશો વચ્ચે થયેલા હુમલામાં અનેક લોકોના મોત થયા છે. ઈરાનના સરકારી રિપોર્ટ અનુસાર ઈઝરાયલી હુમલામાં બે ઈરાની જનરલના મોત થયા છે. સાથે ઈરાને એ પણ સ્વીકાર્યું છે કે ઈઝરાયલે તેમના પરમાણુ પ્લાન્ટને પણ નુકસાન પહોંચાડ્યું છે. ઈરાનના સરકારી ટીવી ચેનલ 'તસ્નીમ ન્યૂઝ'ના રિપોર્ટ માં શનિવાર સવારે ઈઝરાયલી હુમલામાં બે મોટા ઈરાની જનરલના મોત થયા છે. રિપોર્ટ મુજબ ઈરાનના ગુપ્ત વિભાગના નાયબ મુખ્ય જનરલ મેહરાબી (Gholamreza Mehrabi) અને ઓપરેશન નાયબ મુખ્ય જનરલ મેહદી રબ્બા માર્યા ગયા છે. અગાઉ પણ ઈઝરાયલી હુમલામાં ઈરાનના રિવોલ્યૂશનરી ગાર્ડના પ્રમુખ હુસૈન સલામી સહિત અનેક મોટા અધિકારીઓ માર્યા ગયા હતા. ઈરાને તે પણ પુષ્ટિ કરી કે હુમલામાં ફોર્ડો પરમાણુ પ્લાન્ટને પણ નુકસાન પહોંચ્યુ છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયેલે પરમાણુ ઊર્જા એજન્સીના પ્રવક્તા બેહરોઝ કમાલવંદીને ટાંકીને જણાવ્યું કે, ઈઝરાયેલે 12-13 જૂનની રાત્રે ઈરાન પર હુમલો શરૂ કર્યો હતો. આ હુમલાને 'ઓપરેશન રાઈઝિંગ લાયન' નામ આપવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં ઈઝરાયેલે ઈરાન પર 200થી વધારે ફાઈટર જેટ્સ દ્વારા 100થી વધારે ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. જેમાં કેટલાક પરમાણુ અને સેનાના ઠેકાણાઓ સામેલ હતા,જેના જવાબમાં ઈરાને ઓપરેશન 'ટ્રૂ પ્રોમિસ થ્રી' શરૂ કર્યું હતું.

## હરિયાણામાં વીજળી કાપ અંગે ઉર્જામંત્રી અનિલ વિજે રિપોર્ટ મંગાવ્યો

### બેદરકારી દાખવનાર કોઈને પણ છોડીશ નહી : વિજ

• ચંદીગઢ

હરિયાણામાં વધતી ગરમી દરમિયાન વીજળી કાપ અંગે ઉર્જા મંત્રી અનિલ વિજ સખ્ત બન્યા છે. તેમણે રાજ્યભરમાંથી વીજળી ગુલ થવા અંગે અને વીજળી કાપનો રિપોર્ટ મંગાવ્યો છે. તેમણે તમામ સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયરો (SE) ને આ સંદર્ભમાં દરરોજ ઊર્જા મંત્રી ઓફિસને રિપોર્ટ મોકલવા સૂચના આપી છે. વિજે કહ્યું કે, જો કોઈ અધિકારી આ સૂચનાઓના સંદર્ભમાં બેદરકારી દાખવશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે કારણ કે અનિલ વિજ બેદરકારી દાખવનાર કોઈપણ અધિકારી કે કર્મચારીને છોડશે નહીં.ઉનાળામાં વીજ પુરવઠા અંગે નવી દિલ્હીમાં મીડિયાકર્મીઓ દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં વિજે જણાવ્યું હતું કે, આજે તેમણે ઉર્જા વિભાગના અધિક મુખ્ય સચિવને નિર્દેશ આપ્યો છે કે દરરોજ દરેક એસઈએ તેમના અધિકારક્ષેત્રમાં કેટલા કલાક વીજળી પૂરી પાડવામાં આવી નથી અને સપ્લાય ન થવાના કારણો શું હતા તે અંગે સંપૂર્ણ અહેવાલ ઉર્જા મંત્રીને મોકલવાનો રહેશે. વિજે કહ્યું કે હરિયાણામાં વીજ પુરવઠા બાબતે કોઈ પણ પ્રકારની સમસ્યા નથી. તેમણે કહ્યું કે અમારી પાસે વીજ પુરવઠા માટે પોતાનું ઉત્પાદન છે અને હરિયાણાના ઉર્જા વિભાગે વીજળી મેળવવા માટે લાંબા ગાળાના કરાર પણ કર્યા છે. વિજે કહ્યું કે હરિયાણામાં અમને મહત્તમ 16 હજાર મેગાવોટ વીજળીની જરૂર છે અને અમે 16 હજાર મેગાવોટ વીજળી પૂરી પાડવાની સંપૂર્ણ વ્યવસ્થા કરી છે.ઉર્જા વિભાગ વીજળી પુરવઠા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને અમે ઉનાળાની ઋતુ માટે પહેલેથી જ તૈયારી કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે જે દિવસે હું મંત્રી બન્યો, તે દિવસે મેં વીજળી નિગમોના અધિકારીઓને સૂચના આપી હતી કે બધા ટ્રાન્સફોર્મર્સને વધારવામાં આવે, એટલે કે જ્યાં પણ માંગ કરતા ઓછી ક્ષમતા ધરાવતું ટ્રાન્સફોર્મર લગાવવામાં આવે, ત્યાં તેનું સમારકામ કરવામાં આવે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

રાજકીય ગરમાવો કાંઠાના દાંડી ગામને છોડી બાકીની ૦૭ ગ્રા.પં.માં સરપંચની ચૂંટણી જંગ જામશે

# દાંડી ગ્રા.પં.માં એકપણ એસ.ટી. સ્ત્રી મતદાર ન હોવા છતાં એક જ્ઞાતિના સરપંચની સીટનું જાહેરનામું

## કાંઠા વિસ્તારમાં સૌથી વધુ માનવ વસ્તીના દાંડીનું સરપંચપદ ખાલી,જ્યારે દાંડી ગ્રા.પં.ના ૧૦ વોર્ડમાં ચૂંટણી યોજાશે

• ઓલપાડ

ઓલપાડ તાલુકા ના દરિયાઈ કાંઠા વિસ્તાર છેવાડાના દાંડી ગ્રા.પં.ની યોજાનાર સામાન્ય ચૂંટણીમાં સ્થાનિક વહીવટી તંત્રના છબરડાના કારણે આ ગ્રા.પં.માં સરપંચની ચૂંટણી યોજાશે નહીં. જ્યારે બીજી ઘણી ગ્રા.પં.ના વોર્ડમાં પણ વિવિધ જ્ઞાતિના મતદારો ન હોવાના કારણે આ વોર્ડમાં ઉમેદવારો ન મળવાથી વોર્ડ સભ્યોની ચૂંટણી યોજાશે નહીં. જેના પગલે અસરગ્રસ્ત ગ્રામજનોમાં રોષનો લાવરસ ભભૂકી રહ્યો છે.જો કે આ દાંડી ગામના કુલ ૧૦ વોર્ડમાં ચૂંટણી યોજાનાર હોવાથી વોર્ડના કુલ ૨૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ જામ્યો છે.

ઓલપાડ તાલુકા ની ૦૮ ગ્રા.પં.પૈકી દાંડી ગામ તાલુકાની દરિયાઈ પટ્ટીનું છેવાડા નું ગામ છે.આ ગામના મહત્તમ લોકો મચ્છીમારના ધંધા સાથે સંકળાયેલા હોવાથી ખલાસી અને માછી જ્ઞાતિના લોકો રહે છે.આ ગ્રા.પં.માં સરપંચની મુદત પુરી થતા ચૂંટણીપંચના આદેશથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરે સ્થાનિક તંત્ર ના મતદાર ડેટાથી દાંડી ગ્રા.પં.ની સામાન્ય ચૂંટણી માટે સરપંચપદની સીટ આદિજાતિ સ્ત્રી (એસ.ટી)નું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.જો કે નવાઈ પમાડે તેવી આશ્ચર્યની વાત તો એ છે કે,આ ગામમાં આદિજાતિ સ્ત્રી જ્ઞાતિના એકપણ મતદાર ન હોવાથી દાંડી ગ્રા.પં.માં સરપંચની સીટ ઉપર ઉમેદવારી થઈ શકી ન હતી.જેથી દાંડીના ૧૦ વોર્ડ સભ્યોની ચૂંટણી યોજાશે,પરંતુ સરપંચની ચૂંટણી યોજાશે નહીં.

જ્યારે ઓલપાડ તાલુકાની ૧૮ પૈકી ૧૦ ગ્રા.પં.માં સરપંચની ચૂંટણી સહિત તાલુકાની વિવિધ ગ્રા.પં.૩૪ વોર્ડ સભ્યોની પેટા ચૂંટણીમાં ૨૬ સીટ ભાજપે બિનહરીફ કરાવી હોવાનો દાવો કર્યો છે.જો કે બાકીની ગ્રા.પં.માં કોંગ્રેસ પક્ષે પોતાના સમર્થક ઉમેદવારોને મેદાનમાં ઉતારતા આગામી રવિવાર,તા.૨૨ મી જુનના રોજ ૦૭ ગ્રા.પં.માં સરપંચની ચૂંટણીનો ધમ-ધમાટ જોવા મળી રહ્યો છે. જે પૈકી ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.માં અગાઉ ભ્રષ્ટાચાર મામલે સસ્પેન્ડ થયેલ મહિલા સરપંચ રવિના જેનિશ પટેલ ફરી મેદાનમાં ઉતરી છે.તેની સામે ઓલપાડ માળી ફળિયાની મહિલા રૂચિકા કાલ્પિક પટેલે ઝંપલાવ્યું છે.આ ગ્રા. પં.ના વોર્ડ નં.૦૫ અને ૧૨ ના વોર્ડ સભ્યોની ચૂંટણી માટે કુલ ૦૪ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.જો કે માજી સરપંચ રવિના પટેલ ના ભ્રષ્ટાચારી વહીવટને ઉજાગર કરી રૂચિકા પટેલને જીતાડવા સરકારના વન,પર્યાવરણ મંત્રીની મદદથી હાલના ઈન્ચાર્જ સરપંચ આનંદ કહાર એડીચોટીનું જોર લગાવી પ્રચાર કરી રહ્યા છે.જયારે કાંઠા વિસ્તારની કાછોલ ગ્રા.પં.માં સરપંચની ચૂંટણીમાં અમિત ઈશ્વરભાઈ પટેલની સામે ફરીફ ઉમેદવાર કિરણ પરભુભાઈ પટેલ ઉતર્યા છે.આ ઉપરાંત કાસલા બુજરંગ ગ્રા.પં.માં સરપંચના ઉમેદવાર ચેતન જેન્તીભાઈ પટેલની સામે ભાવેશ મનહરભાઈ સુરતી ટકળાશે.આ ગ્રા.પં.ના વોર્ડ નં.૦૨ અને ૦૮ માં યોજાનાર વોર્ડ સભ્યોની ચૂંટણીમાં કુલ ૦૪ ઉમેદવારો ટકળાશે.જો કે તાલુકાના ગ્રા.પં.માં સૌથી સ્ફોટક અને હોટ સીટ ગણાતી નઘોઈ ગ્રા.પં.સરકાર ના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલનું વતન છે.આ ગ્રા.પં.ની મહિલા સરપંચ ગીતાબેન કાંતિભાઈ પટેલ વન મંત્રી મુકેશભાઈ પટેલની સામે પડતાં મંત્રીએ તેણીના ભ્રષ્ટાચારી વહીવટ મામલે સસ્પેન્ડ કરાવી હતી.જેથી નઘોઈ ગ્રા. પં. માં યોજાનાર સરપંચની પેટા ચૂંટણી જાહેર થતાં સસ્પેન્ડ થયેલ મહિલા સરપંચ ગીતાબેન કાંતિલાલ પટેલ ફરી મેદાનમાં ઉતરી છે.જો કે તેમની સામે ગામના સહકારી અને ભાજપ અગ્રણીની પત્ની ચંદ્રિકાબેન હિતેન્દ્ર પટેલે ઉમેદવારી કરી છે.જેના પગલે સરકારના મંત્રી મુકેશભાઈ પટેલે ચંદ્રિકાબેનને જીતાડવા પોતાની ઈજ્જત દાવ ઉપર લગાવી છે.જયારે જોથાણ ગ્રા.પં.માં સરપંચપદે રાજુ અમરત રાઠોડ સામે શિરીષ ભરત રાઠોડે ઉમેદવારી નોંધાવી છે.આ ગ્રા.પં.ના વોર્ડ નં.૦૨ માં યોજાનાર વોર્ડ સભ્યોની ચૂંટણીમાં બે ઉમેદવારો ટકળાશે. આ ઉપરાંત ડભારી ગ્રા.પં.માં સરપંચપદે ધર્મિષ્ઠાબેન ઉમેદભાઈ પટેલની સામે નિમિષા રજનીકાંત પટેલે ઉમેદવારી નોંધાવી છે.આ ગ્રા.પં.ના વોર્ડ નં.૦૧ માં યોજાનાર ચૂંટણીમાં બે ઉમેદવારો ટકળાશે. જ્યારે ટુંડા ગ્રા.પં.માં સરપંચ પદે રેખાબેન સુખદેવ પટેલ સામે વૈશાલી ચિરાગ પટેલ ટકળાશે.આ ગ્રા.પં.ના વોર્ડ નં.૦૧ માં બે સભ્યો સામ-સામી ચૂંટણી લડશે. જ્યારે ટુંડા ગામના બાકી કુલ ૦૭ વોર્ડમાં યોજાનાર વોર્ડ સભ્યોની ચૂંટણીમાં કુલ ૧૪ ઉમેદવારો ટકરાશે.ગ્રા.પં.ની ચૂંટણી રાજકીય પ્રતિક ઉપર લડાતી ન હોવાથી ચૂંટણી લડી રહેલા ઉમેદવારો પાણીની ટાંકી,પેટી,સોફા,વીંટી, તરબૂચ,હેલ્મેટ,લીલું મરચું,દૂરબીન,ટેબલ, ટ્રેલર,કડાઈ,પાણીની ટાંકી અને પેટી જેવા નિશાન ઉપર ચૂંટણી લડી રહ્યા છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દિવંગતોની આત્માની શાંતિ માટે

# પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરે શાંતિપાઠ અને પૂજા કરવામાં આવી

દુર્ઘટનાનું દુઃખ ધાર્મિક અનુષ્ઠાન દ્વારા દુર્ઘટનામાં અવસાન પામેલા સૌ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી

**દુર્ઘટનાના ભોગ બનેલા તમામ આત્માઓની શાશ્વત શાંતિ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી**

• દિપક જોષી ગીર સોમનાથ પ્રાચી

અમદાવાદમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તમામ દિવંગતોની આત્માની શાંતિ માટે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં શાંતિપાઠ અને પૂજા-અર્ચના કરવામાં આવ્યા હતા. શ્રી સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટ પરિવાર તરફથી ઈનચાર્જ જનરલ મેનેજર શ્રી અજયકુમાર દુબે સહિત ટ્રસ્ટ પરિવાર, મંદિરના પૂજારીશ્રીઓ, સ્થાનિક તીર્થપુરોહિતશ્રીઓ અને દર્શને આવનાર ભક્તો દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૫મા અધ્યાય 'પુરુષોત્તમ યોગ'નો પાઠ કરવામાં આવ્યો હતો. આ સાથે જ મહામૃત્યુંજય મંત્ર જાપ સહિત શાંતિ પાઠ કરવામાં આવ્યા હતા, જેથી દિવંગત આત્માઓને પરમાત્મા મોક્ષ પ્રદાન કરે અને તેમના પરિવારોને આ આઘાતજનક સમયમાં શાંતિ મળે. મધ્યાહ્ન સમયે સોમનાથ મહાદેવને કરવામાં આવતી મહાપૂજા દરમિયાન, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિમાન દુર્ઘટનાના મૃતકોની આત્મશાંતિ માટે ખાસ સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ અવસરે ઉપસ્થિત તમામ યાત્રાળુઓ, પૂજારીગણ અને ટ્રસ્ટ પરિવાર દ્વારા સોમનાથ મહાદેવને આ દુર્ઘટનાના ભોગ બનેલા તમામ આત્માઓની શાશ્વત શાંતિ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી. આ ધાર્મિક અનુષ્ઠાન દ્વારા દુર્ઘટનામાં અવસાન પામેલા સૌ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી.



# ડભોઈ નાંદોદી ભાગોળ સ્થિત ખોડિયાર માતાના મંદિરે 15 મો પાટોત્સવ યોજાયો

તમામ લોકો ને સુખ સમૃદ્ધિ આપે તેવી પ્રાર્થના



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નાંદોદી ભાગોળ સ્થિત ખોડિયાર માતા ના મંદિરે 15 મો પાટોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું.ડભોઈ રબારી સમાજ દ્વારા આ પાટોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું પ્રસંગે રબારી સમાજ ના આગેવાનો ચનવાળા ના માનસરોવર બાપુ ,નગરપાલિકા પ્રમુખ બીરેન શાહ, વિશાલભાઈ શાહ સામાજિક આગેવાન પરેશભાઈ રબારી ,તથા ધર્મપ્રેમી જનતા ખાસ ઉપસ્થિત રહી માં ખોડિયાર માતા ના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.ખોડિયાર માતા ના પાટોત્સવ માં હાજર ભાવિક ભક્તો એ મહાપ્રસાદી નો લાભ લીધો હતો. સાથે જ ભુવાજી જયેશભાઈ રબારી દ્વારા ઓપરેશન સિંદૂર માં શહીદ થયેલ જવાનો માટે પ્રાર્થના કરી હતી સાથે દરભાવતી નગરી ના તમામ લોકો ને સુખ સમૃદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.

# ડભોઈ એસટી ડેપો માર્ગ પર બે સોસાયટીના મકાનમાં ચોરોએ તાળા તોડ્યા, ફફડાટ વ્યાપ્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ એસટી ડેપો માર્ગ પર બે સોસાયટીઓમાં ઘૂસી ચોરટા ઓએ મકાનના તાળાં તોડી ચોરી કરવાના પ્રયાસમાં આવેલા હતા નગર સહિત વિસ્તારમાં રાતે પોલીસ પેટ્રોલિંગ સઘન કરવા માગCCTVમાં ૪ ચડ્ડીબનિયનધારી કેદ થયા, લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો... ડભોઈ નગરમાં હવે તસ્કરોના આંટાફેરાનો શ્રીગણેશ થઈ ચૂક્યા છે. ગત રાત્રિના જ એસટી ડેપો માર્ગ પર બે સોસાયટીઓના જુદા-જુદા બે મકાનના તાળા તૂટ્યાં હતા. જે અંગેના સીસીટીવી ફૂટેજમાં પણ સ્પષ્ટ નજરે પડે છે. જોકે સદ્નસીબે કશું




જ ચોરાયું નથી. મોડી રાત્રે જ પોલીસને જાણ થતાં પોલીસ પણ આવી પહોંચી હતી. તસ્કરોને ભાગવાનો વારો આવ્યો હતો. છતાં પણ હવે ડભોઈ પોલીસ નાઈટ પેટ્રોલિંગ કડક કરે એવી નગરજનોની માંગ ઉઠી છે.ડભોઈ કોટ વિસ્તાર બહાર આવેલી સોસાયટી ઓમાં હવે તસ્કર ટોળકીઓના આંટા ફેરા શરૂરાત્રે કૌમોદી સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરો CCTVમાં કેદ. થઈ ચૂક્યા છે.

રાત્રે બે કલાક બાદ ડભોઈની કૌમુદી સોસાયટીમાં ચડ્ડી બંડીધારી ૪ તસ્કરોએ સોસાયટીના એક મકાનને નિશાન બનાવ્યું હતું. જોકે સદનસીબે મકાનની ઓરડીમાંતસ્કરોના હાથ કશું લાગ્યું ન હતું. આ તમામ દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયેલા પણ જોવા મળ્યાં હતા. જેને પગલે પોલીસ રાતે સઘન પેટ્રોલિંગ કરે તેવી માગ ઉઠી છે.

ડભોઈ નગરપાલિકા દ્વારા ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સોસીયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ અંતર્ગત

# નેશનલ સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે એક વર્કશોપનું આયોજન

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા ભારત સરકારના મિનિસ્ટરી ઓફ સોસીયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ અંતર્ગત નેશનલ સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન ના સંયુક્ત ઉપક્રમે એક વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ ડભોઈ નગરપાલિકાન સભાખંડ ખાતે યોજાયો હતો.

જે કાર્યક્રમનું લાઈવ મોનીટરીંગ નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દિલ્હી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમા ડભોઈ નગરપાલિકા ના સફાઈકામદારો ને સરકારશ્રી દ્વારા અમલમાં મુકેલ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ -2013 ની વિસ્તુત સમજ આપી, સફાઈકર્મીઓએ



રોજબરોજની સફાઈની કામગીરી દરમિયાન કઈ સાવચેતી રાખવી અને કામ કરતી વખતે કોઈ અકસ્માત ન સર્જાય તે માટેની તકેદારીના પગલાં શું લઈ શકાય તે અંગેની સમજણ આપવામાં આવી હતી તેમજ સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ સફાઈકર્મચારીઓ માટેની યોજનાઓ તથા કર્મચારીઓને મળવાપાત્ર લોનની સુવિધા આપવામાં આવે છે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગરની આવેલ રમેશભાઈ દેસાઈ એ વર્કશોપમાં તમામ જાણકારી પુરી પાડી હતી. સફાઈ કામદારોના તમામ નાના - મોટા પ્રશ્નો ને હાલ કરી હંમેશા સફાઈ કામદારોના હિતને ધ્યાને રાખી ડભોઈ પાલિકાના ચીફ ઓફિસર શ્રી જયકીશન તડવી દ્વારા આ વર્કશોપ નું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડભોઈ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ તથા સેનેટરી ઈન્સ્પેક્ટર મહેશભાઈ વસાવા, સંજયભાઈ ઈનામદાર. ઈકબાલ ભાઈ મનસુરી તથા સફાઈ સાથે જોડાયેલ સુપરવાઈઝરશ્રી ઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના તલોદ માર્કેટયાર્ડ અને વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ સ્કૂલમાં

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી

• ઉમંગ રાવલ સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના તલોદ માર્કેટયાર્ડ અને વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ સ્કૂલમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાલોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તલોદમાર્કેટયાર્ડમાં યાર્ડના ચેરમેન, વા. ચેરમેન, બોર્ડમેમ્બર્સ, સ્ટાફ સહિત હાજર રહ્યા હતા અનેવિવેકાનંદ સ્કૂલ ખાતે આચાર્ય, સ્ટાફ પરિવાર,બાળકોએ શ્રદ્ધાંજલિ આપીહતી.તેમજતમામમૃતકોના સ્વજનો પ્રતિ સંવેદના વ્યકત કરવામાંઆવીહતી.



ન્યૂઝ ફોકસ જરોદ વહિવટી તંત્ર ઘોર નિદ્રામાં પોઢી રહી હોવાથી સૌ ગ્રામ જનો સહિત જરોદ બજારમાં આવતા ગ્રાહકો પણ ભયભીત બનતા હોય છે

# જરોદ ગામ નાં જાહેર માર્ગો પર આખલાઓનો અડિંગો

આખલાઓ ની જમાવટ થતાં જાહેર જનતા માં દિન પ્રતિદિન ભય ની લાગણી પ્રસરી

• કિશનરોહિડા, જરોદ

વાઘોડિયા તાલુકાના વાઘોડિયા પછીનું વેપાર ઉધોગો થી હરહંમેશ ધબકતું હાલોલ થી વડોદરા ના ધોરીમાર્ગ પર ના જરોદ ગામ નાં હાટૅસમા બજારો થી માંડીને રહેણાંક વિસ્તારોમાં દિન પ્રતિદિન સ્થાનિક વહીવટીતંત્ર ની બેદરકારી ના કારણે આખલા ઓ ની જમાવટ થતાં જાહેર જનતા માં દિન પ્રતિદિન ભય ની લાગણી પ્રસરી રહી છે સ્થાનિક જરોદ ગામમાં રહેતા માલધારીઓ ના મતે જાણવા મળ્યા મુજબ બહાર ગામ ના રહિશો દ્વારા વાહન મારફતે રાત્રીના આખલા ઓ ને જરોદ ગામે છોડી જતા હોવાનું કહેવાય છે ત્યારે જરોદ વહિવટી તંત્ર ઘોર નિદ્રામાં પોઢી રહી હોવાથી સૌ ગ્રામ જનો સહિત જરોદ બજારમાં આવતા ગ્રાહકો પણ ભયભીત બનતા હોય છે ત્યારે જાહેર જનતા બિનજરૂરી ભયભીત બની રહિ છે તે અંગે ની જરુરી યોગ્ય કામગીરી સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કરાય તેવું ગ્રામ જનો ઈચ્છી રહ્યા છે



# સુઈગામના ધનાણા ગામે ગામલોકોએ દારૂ વેચવા પર લગાવ્યો પ્રતિબંધ ઉલ્લંઘન પર બે લાખનો દંડ

• સિદ્ધરાજ ઠાકોર અસાણા

બનાસકાંઠાના છેવાડાના સુઈગામ તાલુકાના ધનાણા ગામના શિવમંદિરના પ્રાંગણમાં સમગ્ર ગ્રામજનોએ આજરોજ 14 જૂન ના રોજ એકત્રિત થઈ સોગંધ વિધિ કરી જણાવ્યું હતું કે આપણા ગામમાં દારૂનું વેચાણ ન થવું જોઈએ અને કોઈ એ દારૂ પીવો નહિ આ પ્રતિબદ્ધથી ગામ વ્યસન મુક્ત બનશે.જો કોઈ વેચાણ કરશે અને ગામલોકોએ સાથે મળી ગામના હિતમાં લીધેલ નિર્ણયનું ઉલ્લંઘન કરશે તેના પર રૂ 2 લાખ નો દંડ કરવામાં આવશે જો કે આવા સરાહનીય કાર્યમાં એક બુટલેગરે ભાંગરો વાટી જણાવ્યું હતું કે હું આજે જ માલ લાવ્યો છું તે વેચવા દો અને પહેલા ગામમાં મારુ દારૂનું વેચાણ થયું છે.એની બાકી નીકળતી રૂ 1લાખ 40 હજાર રકમ ચૂકવો પછી જ દારૂ બંધી થશે ત્યારે ગ્રામ જનોએ એ દારૂના બુટલેગર ને એક મહિનામાં બાકીનું ઉઘરાણું કરીને અથવા ગામલોકો નાણાં એકત્રિત કરી તેમનો હિસાબ ચૂકતે કરી દેશે પણ ગામમાં દારૂનું વેચાણ તો નહીં જ થવા દઈ એ તેવો વિડીયો સોસીયલ મીડિયા માં વાયરલ થતાં જવાબદાર તંત્ર પર અનેક સવાલો ઉઠવા પામ્યા છે.આ સોસીયલ મીડિયા માં વાયરલ થયેલો વિડીયો, પોલીસ,LCB,SOG, સહિતના જવાબદાર તંત્રને ઘણું બધું કહી જાય છે.

**ગમગીની** વિમાનનો કાટમાળ હટાવતી વખતે ટેઈલના ભાગમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો, જે મહિલાનો છે

# અમદાવાદ પ્લેન ક્રેશ | 15 મૃતકોના DNA મેચ થયા, 190થી વધુ ઍમ્બ્યુલન્સ-230 ટીમો તૈનાત

## મૃતદેહો સોંપવા 190થી વધુ ઍમ્બ્યુલન્સ-230 ટીમો તૈનાત : વિમાનનો કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળ્યો

• અમદાવાદ

અમદાવાદમાં સર્જાયેલી ઈન્ડિયન એરલાઈન્સના વિમાન ક્રેશની ગોઝારી દુર્ઘટનામાં 272 જેટલા લોકોના કરુણ મોત નીપજ્યા છે. મૃતકોના દેહ તેમના પરિજનોને સોંપવા માટે DNA ટેસ્ટિંગની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં 15 મૃતકોના DNA મેચ થયા છે. આ દરમિયાન મૃતદેહ પરિજનોને સોંપવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) બનાવવામાં આવી છે. મૃતદેહો સોંપવાની કામગીરીમાં 190થી વધુ ઍમ્બ્યુલન્સ, 230થી વધુ જિલ્લા સ્તરની ટીમો, 590 તબીબી-સહાયક સ્ટાફ કાર્યરત છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રજનીશ પટેલે રાત્રે પત્રકાર પરિષદ કરી ત્યારે 11 મૃતદેહોના DNA મેચ થયા હતા. જે બાદ મોડી રાત સુધીમાં વધુ 4 મૃતદેહોના DNA મેચ થયા છે. રજનીશ પટેલે જણાવ્યું હતું કે, 'વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 11 મૃતકોના DNA સેમ્પલ મેચ થયા છે. જેમાં એક મૃતકનો પાર્થિવ દેહ પરિવારને સોંપવામાં આવ્યો છે. આજે શનિવારે (14 જૂન) સુધીમાં બે મૃતકોના મૃતદેહને પરિવારને સોંપવાની કામગીરી હાથ ધરી છે. આ એક ધીમી પ્રક્રિયા છે અને તે ખૂબ જ કાળજીપૂર્વક કરવાની જરૂર છે. આજે અમને વિમાન દુર્ઘટના સ્થળથી વધુ એક મૃતદેહ મળ્યો છે.'

સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, મૃતકોના DNA મેચ થયા બાદ પરિવારોને બોલાવવામાં આવી રહ્યા છે. મૃતદેહ પરિજનોને આપવા માટે SOP બનાવવામાં આવી છે. જેમાં BJ મેડિકલ કોલેજમાં મૃતકોના પરિજનોના DNA ટેસ્ટ કરીને સેમ્પલ લીધા અને પોસ્ટમોર્ટમમાં પણ DNA સેમ્પલ લેવાયા હતા. મૃતકોના પરિવારે DNA સેમ્પલ આપ્યા છે, તેમને ફોન કરીને જાણકારી આપવામાં આવશે. જ્યારે DNA ટેસ્ટ માટે આવતા પરિવારજનોએ મૃતકની ઓળખ અને સંબંધીની પુષ્ટિ માટે જરૂર ડોક્યુમેન્ટ આપવા પડશે. સિવિલ હોસ્પિટલમાં રજિસ્ટ્રેશન વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. પોલીસ વેરિફિકેશન, ડેથ સર્ટિફિકેટ અને ડોક્યુમેન્ટ આપવામાં આવશે.

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે, કે અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં મૃતકોના મૃતદેહને પરિવારોને સોંપવાની કામગીરી અત્યંત સંવેદનશીલતા સાથે હાથ ધરવામાં આવી રહી છે, જેમાં FSL નિષ્ણાતો અને તબીબી ટીમો દ્વારા DNA સેમ્પલિંગની કામગીરી શરૂ છે. મૃતદેહો સોંપવાની કામગીરીમાં 190થી વધુ ઍમ્બ્યુલન્સ, 230થી વધુ જિલ્લા સ્તરની ટીમો, 590 તબીબી-સહાયક સ્ટાફ કાર્યરત છે. આ દરમિયાન વરિષ્ઠ IAS અધિકારીઓ, ડૉકટરો અને ફોરેન્સિક ટીમો ચોવીસ કલાક કામ કરી રહ્યા છે. આ સાથે સ્થાનિક નાગરિકો, ખાનગી ડૉકટરો અને સ્વયંસેવકો સરકારી એજન્સીઓ સેવા આપી રહ્યાં છે.

અમદાવાદ પ્લેન ક્રેશના ઘટનાસ્થળે લગભગ 17 જેટલી એજન્સીઓ તપાસ કરી રહી છે ત્યારે એનઆઈએની ટીમ પણ ત્યાં આવી પહોંચી છે. એનઆઈએ દ્વારા આ મામલે તપાસમાં સહયોગ કરવા માટે ગુજરાત સરકાર સમક્ષ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. અમદાવાદમાં થયેલી ગોઝારી વિમાન દુર્ઘટનાને બે દિવસ વીતી ગયા છે, ત્યારે સિવિલ હોસ્પિટલમાં મૃતકોના મૃતદેહોની ઓળખ અને પીડિત પરિવારોને સોંપવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ દરમિયાન, આજે વિમાનનો કાટમાળ હટાવતી વખતે ટેઈલના ભાગમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો, જે મહિલાનો છે. આ મૃતદેહ વિમાનમાં ફસાયેલી એર હોસ્ટેસનો હોવાની આશંકા છે.

કોઈ અંદાજ પણ નહીં લગાવી શકે કે એનું પાકિસ્તાનમાં પ્લાનિંગ થઈ ચૂક્યું છે અને અલ-કાયદાના આતંકવાદીઓ પણ એ પ્લાનિંગમાં સામેલ છે

# વિમાન ક્રેશ ષડયંત્ર હોઈ શકે ? બે દિવસ પૂર્વેનું CIA એજન્ટનું ટ્વીટ ચર્ચામાં

## જો કોઈ માણસ પહેલેથી તૈયારી કરીને બેઠો હોય તો પ્લેન શરૂ થતાં જ એને હેક કરીને આવી દુર્ઘટનાને અંજામ આપી શકાય છે

અમદાવાદ

છેલ્લા બે દિવસથી સોશ્યલ મીડિયાથી લઈને સમાચારોમાં અમદાવાદના પ્લેન ક્રેશની ભયાવહ ઘટનાની કરુણ કહાણીઓ બહાર આવી રહી છે. પ્લેન જ્યાં પડ્યું એ જગ્યાએ પણ ઘણી જાનહાનિ થઈ અને આંકડો 274ને પાર જતો રહ્યો છે.

એવિયેશન નિષ્ણાતો અને વૈશ્વિક એજન્સીઓ એ શોધવાની કોશિશ કરી રહ્યાં છે કે આ ઘટના થઈ કઈ રીતે? પ્લેન ટેક-ઓફ હતાંની સાથે જ પડી ભાંગ્યું અને 'મે ડે' કોલનો ઍર ટ્રાફિક કન્ટ્રોલ પરથી કોઈ પ્રતિભાવ આવે એ પહેલાં જ એ કેવી રીતે ક્રેશ થઈ ગયું? જોકે આ ઘટના અકસ્માત નહોતી પણ સમજી-વિચારીને કરવામાં આવેલું કાવતરું હતું એ સંભાવનાઓ વિશે પણ સોશ્યલ મીડિયામાં વાતો ચાલી રહી છે. આ વાતો સાવ જ પાયાવિહોણી પણ નથી. સાજિશની આ થિયરીમાં કેટલાક એવા સવાલો ઉઠાવવામાં આવ્યા છે જે આ સંભાવના પર વિચારવા મજબૂર કરે એવા છે. પ્લેન અમદાવાદ ઍરપોર્ટ પરથી ટેક-ઓફ કરી રહ્યું છે એ જ વખતનો ચોક્કસ ઍન્ગલથી વિડિયો ઘટનાની થોડી જ ક્ષણોમાં વાઈરલ થયો હતો. સવાલ એ છે કે કોણ અને કેમ આ વિડિયો બનાવી રહ્યું હતું? પ્લેન ટેક-ઓફ થાય છે અને ધમાકો થાય છે એ વિડિયોમાં કેદ થઈ જાય છે એ સંયોગ જ છે કે શું? વિડિયોને સંયોગ જ માની લઈને અવગણીએ તો બીજો સવાલ એ છે કે આ ઘટના ઘટી એના 3-4 દિવસ પહેલાં જ સારા એડમ્સ નામની એક અમેરિકન મહિલાએ સોશ્યલ મીડિયા પર દાવો કર્યો હતો કે ભારતમાં કંઈક બહુ જ મોટું ઓપરેશન થવા જઈ રહ્યું છે. કદાચ કોઈ અંદાજ પણ નહીં લગાવી શકે કે એનું પાકિસ્તાનમાં પ્લાનિંગ થઈ ચૂક્યું છે અને અલ-કાયદાના આતંકવાદીઓ પણ એ પ્લાનિંગમાં સામેલ છે અને બે-ત્રણ દિવસમાં જ ભારતમાં ઑપરેશન થશે. ત્યારે એની ગુંજ આખી દુનિયામાં પહોંચશે. સવાલ એ થાય કે આવો દાવો કરનારી સારા એડમ્સ છે કોણ? સારા એ મહિલા છે જે અમેરિકાની CIA સાથે કામ કરી ચૂકી છે અને FBI સાથે નિયમિત સંપર્કમાં રહી છે. સાઉથ એશિયામાં તેનું નેટવર્ક સ્ટ્રોન્ગ છે. સારાએ 12 જૂને નહીં, ખૂબ ઍડ્વાન્સમાં 9 જૂને દાવો કર્યો હતો કે ભારતમાં એક ઑપરેશન હાથ ધરવાનું અફઘાનિસ્તાનમાં આયોજન થઈ રહ્યું છે. ભલે એ વખતે તો સારાની ચેતવણીને માત્ર ભડકાઉ ગણીને અવગણવામાં આવી, પરંતુ હવે તેની ટ્વીટ અને આ ઘટનાને સાંકળીને તપાસ કરવી જરૂરી છે. રૂબેન સૌમાર્થ નામના યુરોપિયન સાઈબર સિક્યોરિટી એક્સપર્ટે 2019માં દાવો કર્યો હતો કે દુનિયાના કોઈ પણ શહેરમાં બેસીને બોઈંગ વિમાનો કે પેસેન્જર ટ્રેનને હેક કરી શકાય છે. મતલબ કે વ્યક્તિ દૂર ક્યાંક બીજા દેશમાં બેસીને બોઈંગની સિસ્ટમને હેક કરીને પ્લેનની ઉડાનમાં ગરબડ કરી શકે છે. આ કામ ટેક-ઓફ કે લેન્ડિંગ દરમ્યાન કરવાનું સરળ હોય છે, કેમ કે એ જ વખતે ફ્લાઈટની તમામ સિસ્ટમો ઑન અને ફુલ્લી ફંક્શનલ હોય છે. જો કોઈ માણસ પહેલેથી તૈયારી કરીને બેઠો હોય તો પ્લેન શરૂ થતાં જ એને હેક કરીને આવી દુર્ઘટનાને અંજામ આપી શકાય છે. આ ટેક્નોલોજીની વાત પાંચથી છ વર્ષ પહેલાંથી થઈ રહી છે જેને હવે એક્ઝિક્યુટ કરવાનું સાઈબર હૈકર્સ માટે શક્ય છે.

# જુના વાહન લે-વેચ કરતા ઈસમો વિરૂધ્ધ જાહેરનામા ભંગના કુલ-૬૩ ગુના દાખલ

## સ્પેશ્યલ ડ્રાઇવ અંતર્ગત કાર્યવાહી કરતી ભરૂચ જિલ્લા પોલીસ

• કેતન મહેતા ભરૂચ





અસામાજીક તત્વો દ્વારા અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપવા માટે જુના વાહનો જેમાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર-વ્હીલર તથા સ્પેર પાર્ટોનો ઉપયોગ કરતા હોય છે જેના કારણે જાહેર સલામતી, સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે સામાન્ય નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ન ફેલાય અને આ પરિસ્થિતિને નિવારી શકાય તેમજ અંકુશમાં લાવી શકાય તે હેતુસર પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ વડોદરા વિભાગ, વડોદરા તથા પોલીસ અધિક્ષક મયુર ચાવડા ભરૂચનાઓની સુચના અને માર્ગદર્શનના આધારે, તેમજ ભરૂચ જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર, ભરૂચ દ્વારા વિવિધ જાહેરનામા બહાર પાડેલ હોય. જે અનુસંધાને ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જુના વાહનો જેમાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર-વ્હીલર તથા સ્પેર પાર્ટો ખરીદનાર/વેચનાર કરતી દુકાનો/ગેરેજોનું ચેકીંગ હાથ ધરવા તા.૧૨/૦૬/૨૦૨૫થી તા.૧૩/૦૬/૨૦૨૫ સુધી દિન-૨ માટે સ્પેશ્યલ ઝુંબેશ રાખવામાં આવેલ, જે દરમ્યાન ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા પો.સ્ટે. વાઈઝ અલગ અલગ ટીમો બનાવી ચેકીંગ કામગીરી કરતા જુના વાહનો લે-વેચ કરવા સબંધનું નિયત કરેલ વેચનારનું નામ/સરનામુ અને વેચવાનું કારણ તથા ખરીદનારનું નામ/સરનામુ તથા મોબાઈલ નંબર, ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત, જુનુ ખરીદવાનું/ખરીદયા અંગેનું કારણ અને તારીખ, એન્જીન/ચેસીસ નંબર/ મોડલ નંબર/ રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ મુજબનું રજીસ્ટર નિભાવેલ ન હોય તેવા દુકાન/ગેરેજોના માલીક વિરૂધ્ધ જાહેરનામા ભંગના કુલ-૬૩ ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) ની કલમ મુજબ ગુના દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ આવનાર દિવસોમાં આવા જાહેરનામા ભંગના અમલીકરણ અંગે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા કેસો કરવા સતત કાર્યરત રહેશે.

# અમદાવાદ પ્લેન ક્રેશનો તપાસ રિપોર્ટ 3 મહિનામાં સોંપાશે

## દરેક એન્ગલથી તપાસ થશે : એવિએશન મિનિસ્ટર

• અમદાવાદ

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ઉડ્ડયન મંત્રી (Aviation Minister) રામ મોહન નાયડુ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે 650 ફૂટની ઊંચાઈએ વિમાન ઉડી રહ્યું હતું અને તે સમયે વિમાનમાં ખામી સર્જાતા પાઈલટે MAY DAY નો સંદેશ આપ્યો હતો. પાઈલટે ઈમરજન્સી હોવાની જાણકારી આપી હતી. આ મામલે ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે પ્લેન ક્રેશ થતાં પહેલા પાઈલટે ઈમરજન્સી સ્થિતિની જાણકારી આપી હતી. ATC તરફથી એ મેસેજનો કોઈ જવાબ મળ્યો નહોતો. ઉડ્ડયન મંત્રીના જણાવ્યાનુસાર વિમાને 1:39 વાગ્યે ઉડાન ભરી હતી અને 1:40 વાગ્યે વિમાન ક્રેશ થઈ ગયું હતું. એરપોર્ટથી ઉડાન ભર્યા બાદ વિમાન બે કિ.મી. દૂર તૂટી પડ્યું હતું. ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે ગૃહ સચિવના નેતૃત્વમાં એક કમિટીની રચના કરવામાં આવી છે. આ હાઈ લેવલની કમિટી ત્રણ મહિનામાં તેનો રિપોર્ટ સોંપશે. તપાસ સમિતિમાં ડીજીસીએ અને આઈબીના અધિકારીઓને પણ સામેલ કરાયા છે. ગઈકાલે સાંજે પાંચ વાગ્યે બ્લેક બોક્સ પણ મળી આવ્યું હતું જેના પરથી વિમાન દુર્ઘટના પહેલા છેલ્લી ઘડીએ શું થયું હતું તે જાણી શકાશે.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે, 'પ્લેન ક્રેશ થયા બાદ પ્રચંડ વિસ્ફોટ થયો હતો અને તેના કારણે આગ ફેલાઈ ગઈ હતી. આગને કાબૂમાં લેતા લેતા 6 વાગી ગયા હતા. આ મામલે કમિટી તપાસ કરી રહી છે. જે તમામ પુરાવાઓ અને નિવેદનો એકઠાં કરશે અને રિપોર્ટ રજૂ કરશે.'

# ભરૂચ એલસીબીએ અંકલેશ્વરમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા ચાર ઇસમોને ઝડપી પાડ્યા



• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ એલસીબીએ અંકલેશ્વરમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા ચાર ઈસમોને ઝડપી પાડ્યા છે. પ્રતિન ત્રણ રસ્તા નજીક આવેલ વેલકમ હોટલ પાછળના બંધ સીને પ્લાઝા સિનેમા પાસેથી પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે ભરૂચના ફાટા તળાવ વૈરાગી વાડના રહેવાસી દિનેશ કાંતિ વસાવા આ સ્થળે વિદેશી દારૂનું વેચાણ કરે છે. દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂની 64 બોટલ જપ્ત કરી હતી.

પોલીસે દિનેશ કાંતિ વસાવા, કલ્પેશ જયંતીજી પટોસણા, પિન્ટુ ગુટ્ટીમલ જૈન અને રાજેશ કાનજી પટેલની ધરપકડ કરી છે. આ કેસમાં ત્રણ મોબાઈલ ફોન અને ત્રણ વાહનો સહિત કુલ ૭૮ હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. શાહરુખ અલ્લા રખા શેખ, આકાશ પટેલ અને પ્રતીક બીપીનચંદ કાયસ્થ નામના ત્રણ આરોપીઓ હજુ ફરાર છે. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ભાભર તાલુકાના અસાણા સહિત અન્ય વિસ્તારમાં ધીમેધારી ચોમાસા વરસાદની શરૂઆત કરાઈ



• સિદ્ધરાજ ઠાકોર અસાણા બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના અસાણા સહિત અન્ય વિસ્તારમાં ધીમેધારી ચોમાસા વરસાદની શરૂઆત. બનાસકાંઠા જિલ્લામાં દિવસભરની ગરમીના સાંજે વાતાવરણમાં પલટો આવતા ધીમેધારી વરસાદની શરૂઆત થતા ભાભર વિસ્તારના ગામડાઓમાં ઠંડક અનુભવાય

# નડિયાદમાં ઓટીપી વગર ખાતામાંથી રૂપિયા ઉપડાતા પોલીસમાં ફરિયાદ



• નરેશ ગનવાણી નડિયાદ

નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં એક મહિલાના બેંક ખાતામાંથી ઓટીપી વગર રૂપિયા ઉપડાતા ચિંતા ફેલાઈ છે. પંચાયત સાદનના સ્ટાફ ક્વૉર્ટરમાં રહેતા પ્રમોદભાઈ મકવાણાની પત્નિ ભદ્રાવતીબેનના ખાતામાંથી એપ્રિલમાં રૂપિયા ૭૮ હજાર,૯૮૫ ઉપાડી લેવામાં આવ્યા હતા – ૪ હજાર ૯૯૯ના ૧૫ ટ્રાન્ઝેક્શન અને ૪ હજાર ના ૧૬ ટ્રાન્ઝેક્શન મળી કુલ ૭૮ હજાર ૯૮૫ રૂપિયા ઉપડવામાં આવ્યા હતા. મહિલાએ કોઈ ઓટીપી ન શેર કર્યાને છતાં એ ટ્રાન્ઝેક્શન થયા હોવાનો આરોપ મૂક્યો છે. તુરંત સાઈબર હેલ્પલાઈનમાં ફરિયાદ કરાતા જાણવા મળ્યું કે એ રૂપિયા બે અલગ બેંક ખાતામાં જમા કરાયા હતા. આ અંગે પ્રમોદભાઈ મકવાણાએ નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

**ન્યૂઝ ફોકસ** ફ્લાઈટ રીશેડયુલથી ટ્રાવેલ એજન્સીઓને પણ મુશ્કેલી પડી રહી છે અને છેલ્લી ઘડી સુધીની અનિશ્ચિત પરીસ્થિતિથી પોતાના બીઝનેસ અને અન્ય શેડયુલને પણ અસર થઇ રહી છે તેવું હાલમાંજ સોશ્યલ મીડીયા પર કરણ અવસ્થીએ પોષ્ટ કરીને લખ્યું કે કોઇ તરફથી સાચો જવાબ મળતો નથી

# અમદાવાદ દુર્ઘટના- મધ્યપુર્વ યુદ્ધ સહિતના કારણે વિમાની પ્રવાસમાં સલામતી ભય વધ્યો

## સોશ્યલ મીડીયા પર લોકો હવે વિમાની ઉડ્ડયન અંગે ચિંતા કરવા લાગ્યા છે તો બીજી તરફ અનેક એરલાઈન્સ માટે હાલ કપરો સમય ચાલી રહ્યો હોવાનું માનવામાં આવે છે

• નવી દિલ્હી

અમદાવાદની વિમાની દુર્ઘટના તથા હાલમાં જ ફુકેટ થી દિલ્હી આવી રહેલી ફલાઈટમાં બોમ્બની ધમકી અને ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે જે રીતે 18થી વધુ ફલાઈટને ડાયવર્ટ કરવાની ફરજ પડી તથા એક બાદ એક વિમાની સેવાઓને લેન્ડીંગ અને ઉડ્ડયન સમયે નડી રહેલી મુશ્કેલી અંગે આવી રહેલા સમાચારથી હવાઈ યાત્રામાં ફરી એક વખત ભયનો માહોલ સર્જાવા લાગ્યો છે અને લોકો પોતાની ટ્રીપને પણ રીશેડયુલ કરી રહ્યા છે.

સોશ્યલ મીડીયા પર લોકો હવે વિમાની ઉડ્ડયન અંગે ચિંતા કરવા લાગ્યા છે તો બીજી તરફ અનેક એરલાઈન્સ માટે હાલ કપરો સમય ચાલી રહ્યો હોવાનું માનવામાં આવે છે. ઓપરેશન સિંદુરના પગલે પાકિસ્તાન અને ભારતે એકબીજાની એરસ્પેસ બંધ કરતા ભારતની લાંબા અંતરની તમામ વિમાની સેવાઓને નવા ડાયવર્ટેડ રૂટથી ઉડવાની ફરજ પડે છે.

જેના કારણે એરલાઈન્સને ઉડ્ડયન ખર્ચ વધી ગયો છે અને તેની હવે ભાડા ઉપર પણ અસર દેખાવા લાગી છે. તે વચ્ચે અમદાવાદની વિમાની દુર્ઘટનાએ લોકોમાં ચિંતા વધારી છે તો ઈરાન અને ઈઝરાયેલના યુદ્ધે સમગ્ર મધ્યપુર્વના આકાશને બંધ કરી દીધુ છે અને તેથી યુરોપ સહિતની ફલાઈટને પણ ડાયવર્ટ કરવી પડી છે. લંડન-મુંબઈ ફલાઈટને વીએના સુધી ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. ન્યુયોર્ક-દિલ્હી ફલાઈટને શારજાહ લઈ જવી પડી હતી.

એરઈન્ડિયાએ આ ઉપરાંત દિલ્હી-વોશિંગ્ટન ફલાઈટને અધવચ્ચેથી પરત બોલાવવી પડી હતી તો કેનેડાના વેનકુંવર અને દિલ્હીની ફલાઈટને જેદાહ લઈ જવી પડી હતી. આમ અનેક રૂટ પર વિમાની સેવાઓ અસ્તવ્યસ્ત થાય તેવી પરીસ્થિતિ છે. અમદાવાદની વિમાની દુર્ઘટનાએ વિમાનોની સલામતી સામે પણ પ્રશ્ન ઉઠાવ્યા છે. ફલાઈટ રીશેડયુલથી ટ્રાવેલ એજન્સીઓને પણ મુશ્કેલી પડી રહી છે અને છેલ્લી ઘડી સુધીની અનિશ્ચિત પરીસ્થિતિથી પોતાના બીઝનેસ અને અન્ય શેડયુલને પણ અસર થઈ રહી છે તેવું હાલમાંજ સોશ્યલ મીડીયા પર કરણ અવસ્થીએ પોષ્ટ કરીને લખ્યું કે કોઈ તરફથી સાચો જવાબ મળતો નથી. વીએના તરફ જે ફલાઈટને ડાયવર્ટ કરાઈ તેને વાસ્તવમાં મીલાન જવાનું હતું. વિમાની સફર લાંબી થવાને કારણે ઓનબોર્ડ ફુડ અને ચા-કોફી પણ ખુટવા લાગ્યા હતા. લાંબા રૂટના કારણે પ્રવાસીઓને પણ મુશ્કેલી નડી રહી છે.

# સુરતનો જેનીલ ભયાણી NEETમાં ગુજરાત ફર્સ્ટ : દેશમાં છઠ્ઠુ સ્થાન મેળવ્યું

## 720માંથી 680 ગુણ મેળવ્યા, સફળતાનો શ્રેય શિક્ષકો અને માતા-પિતાને આપ્યો

• સુરત

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ આજરોજ એટલે કે 14 જૂન, 2025ના રોજ NEET પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે, જેમાં ગુજરાતના પી.પી. સવાણી સ્કૂલના વિદ્યાર્થી જેનીલ ભયાણીએ NEETમાં 720માંથી 680 ગુણ મેળવીને ગુજરાતમાં 1 રેન્ક અને ઓલ ઓવર ઈન્ડિયામાં 6 રેન્ક મેળવ્યો છે. બે વર્ષની મહેનત બાદ તેણે આ સફળતા હાંસલ કરી. જેનીલે તેની સફળતાનો શ્રેય તેની શાળાના શિક્ષકો અને માતા-પિતાને આપ્યો હતો.

જેનિલે તેની સફળતા અને તૈયારીઓ અંગે જણાવ્યું હતું કે, હું મારા પરિણામથી ખૂબ જ ખુશ છું. હું મારી સફળતાનો સંપૂર્ણ શ્રેય મારા માતા-પિતા અને શિક્ષકોને આપવા ઈચ્છુ છુ. શિક્ષકો મારી તમામ મૂંઝવણોને સમયસર સોલ્વ કરી દેતા હતા. તે મને મોટિવેટ કરતા હતા અને ટાઈમ ટુ ટાઈમ ગાઈડ પણ કરતા રહેતા. એક જ હું ટિપ આપુ છુ કે, સતત તૈયારીને વળગી રહેવું. જે પણ તમે વાંચો છો તેને રિવાઈઝ કરતા રહેવું.

વધુમાં તેણે જણાવ્યું હતું કે, બે વર્ષ સુધી આ રીતે તૈયારી કરતા રહેશો તો તમને ચોક્કસ સફળતા મળશે. છેલ્લા 5-6 વર્ષની સાપેક્ષમાં આ વર્ષનું પેપર ખૂબ જ અઘરુ હતું. સ્કૂલ પછી દરરોજના 5-6 કલાક હું વાંચતો હતો અને સોશિયલ મીડિયાથી હું દૂર જ રહેતો હતો. ફોન પણ હું જરુરિયાત પૂરતો જ ઉપયોગ કરતો હતો કારણ કે, ફોનમાં જ જો ટાઈમ વેસ્ટ થાય તો મારો સ્ટડીનો મહત્વનો ટાઈમ ચાલ્યો જ જાત અને બીજા વિદ્યાર્થીઓ મારાથી આગળ ચાલ્યા જાય.

પેપરમાં મે પહેલો બાયો અને કેમેસ્ટ્રી કર્યું ત્યા સુધી પ્રોબ્લેમ નહોતી. ફિઝિક્સ શરુ કર્યું તો તેમાં બધા જ પ્રશ્નો ખૂબ જ લેન્ધી હતા. હુ ટેસ્ટ પેપર દોઢ કલાકમાં પતાવી દેતો હતો પણ મેઈન પેપર આપતા સમયે મારા પૂરા 3 કલાક ગયા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓ ફિઝિક્સના પ્રશ્નો અટેમ્પ્ટ કરી શક્યા નથી. રિવિઝન માટે તમે શોર્ટ પોઈન્ટ્સ બનાવી રાખો અને એક અલગ બુક બનાવીને રાખો. તમને મહત્વના જે પોઈન્ટ્સ લાગે તે તમામ આ બુકમાં લખી લો તો તમારો ટાઈમ બચશે. હું AIIMS દિલ્હીમાંથી MBBS કરવા માંગુ છું અને ભવિષ્યમાં MS ને તે પછી સર્જરીમાં સુપર સ્પેશિયાલિટી કરવા માંગુ છું.

ભારતમાં MBBS કોર્સ માટે કુલ 1,18,190 બેઠકો છે. તેમાંથી 1,15,250 બેઠકો શૈક્ષણિક સત્ર 2024-25 દરમિયાન ભરાઈ ગઈ હતી. મેડિકલ કાઉન્સેલિંગ કમિટી (MCC) NEET UG 2025 દ્વારા 15% ઓલ ઈન્ડિયા ક્વોટા હેઠળ MBBS અને BDS બેઠકો માટે કાઉન્સેલિંગ પ્રક્રિયા હાથ ધરે છે. NEET UG સ્કોરના આધારે, મેડિકલ કાઉન્સેલિંગ કમિટી (MCC) MBBS, BDS અને અન્ય મેડિકલ UG અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે NEET UG કાઉન્સેલિંગ 2025 કરશે. આ હેઠળ, MCC 15% ઓલ ઈન્ડિયા ક્વોટા (AIQ) માટે કાઉન્સેલિંગ કરશે. જ્યારે 85% બેઠકો રાજ્ય કાઉન્સેલિંગ દ્વારા ભરવામાં આવશે.



# શેરબજાર અને IPO રોકાણ કૌભાંડનો પર્દાફાશ: 99.50 લાખની છેતરપિંડી આચરનાર આરોપીઓ ઝડપાયા

## ગેંગ ઉપર દેશભરમાં 31 સાયબર ક્રાઇમના ગુના દાખલ

• સુરત

સુરત શહેરની સાયબર ક્રાઈમ સેલે શેર બજાર અને IPOમાં ઊંચા વળતરની લાલચ આપીને ફરિયાદી પાસેથી 99.50 લાખની ઓનલાઈન છેતરપિંડી આચરનાર છ આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓ દ્વારા બનાવટી એપ્લિકેશનોનો ઉપયોગ કરીને રોકાણકારોને છેતરવામાં આવતા હતા. ગેંગ ઉપર દેશભરમાં 31 સાયબર ક્રાઈમના ગુના દાખલ છે.સાયબર ઠગબાજો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર માર્કેટ અને IPOમાં રોજના 5થી 10 ટકા સુધીના ઊંચા નફાની લોભામણી જાહેરાતો પોસ્ટ કરતા હતા. આ જાહેરાતોથી આકર્ષાઈને સંપર્કમાં આવતા લોકોને વિશ્વાસમાં લઈને તેઓ એક નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવતા હતા.આ ફેક એપ્લિકેશનમાં રોકાણકારોને સારા એવા નફાનું "પ્રદર્શન" કરીને વધુ પૈસાનું રોકાણ કરવા માટે પ્રેરવામાં આવતા હતા. જોકે, એકવાર પૈસા ટ્રાન્સફર થઈ ગયા પછી, ભોગ બનનારને કોઈપણ રકમ ઉપાડવા દેવામાં આવતી નહોતી અને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી. આ કૌભાંડનો ભોગ બનેલા ફરિયાદીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે સુરત શહેર સાયબર ક્રાઈમ સેલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, સાયબર ક્રાઈમ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, આ પૈકી અજય ઈટાલીયા, જલ્પેશ નડીયાદરા, વિશાલ ઠુમ્મર અને હિરેનકુમાર બરવાળીયાનો લાંબો ગુનાહિત ઈતિહાસ છે અને તેમના વિરુદ્ધ સુરત સાયબર ક્રાઈમ, પાટણ સાયબર ક્રાઈમ, જૂનાગઢ રેન્જ સાયબર ક્રાઈમ, સુરથકાલ (કર્ણાટક), મુંબઈ (મહારાષ્ટ્ર), હરિયાણા અને સાયબરાબાદ (તેલંગણા) સહિતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ પણ છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ સંખ્યાબંધ ગુનાઓ નોંધાયેલા છે.



# ઝઘડીયાના સિલિકા પ્લાન્ટમાં કન્વેયર બેલ્ટમાં ફસાતા ઈલેક્ટ્રિશિયનનું મોત



• ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ખડોલી ગામમાં શિવ મિનરલ્સ સિલિકા પ્લાન્ટમાં એક દુર્ઘટના સામે આવી છે.અમદાવાદના 32 વર્ષીય ઈલેક્ટ્રિશિયન શ્રવણકુમાર શ્રીજોખુરામ ગૌતમનું કન્વેયર બેલ્ટમાં ફસાઈ જવાથી મોત નીપજ્યું છે. ગત રાત્રે એક વાગ્યાના સુમારે શ્રવણકુમાર પ્લાન્ટમાં કાર્યરત હતા. આ દરમિયાન તેમનો હાથ કન્વેયર બેલ્ટમાં આવી જતાં તેઓ મશીનમાં ખેંચાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્લાન્ટમાં કુલ 25 શ્રમિકો કામ કરે છે. દુર્ઘટનાની જાણ થતાં પ્લાન્ટ મેનેજર રાજકુમાર સુરેન્દ્ર પાલ અને અન્ય કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રાજપારડી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો કેસ નોંધી તપાસ શરૂ કરી છે.મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અવિધા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ મૃતકના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઝઘડીયા તાલુકામાં મોટી સંખ્યામાં સિલિકા પ્લાન્ટ આવેલા છે, જ્યાં વારંવાર આવી દુર્ઘટનાઓ બનતી રહે છે.

# ભરૂચની સંસ્કાર વિદ્યાભવન શાળામાં વાલીઓનો વિરોધ

## બાળકોને દૂરથી ચાલવું પડે છે, ભોજનની ગુણવત્તા નબળી, જનરેટરની સુવિધા નથી




• ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી સંસ્કાર વિદ્યાભવન શાળાની કાર્યપદ્ધતિ સામે વાલીઓએ આજે આચાર્યને રજૂઆત કરી છે. શાળાની વ્યવસ્થાઓ અંગે વાલીઓએ અનેક મુદ્દાઓ ઉઠાવ્યા છે.શાળા દ્વારા વિદ્યાર્થીઓને મૂકવા આવતા વાહનોને શાળાથી અડધો કિલોમીટર દૂર પાર્ક કરાવવામાં આવે છે. આના કારણે બાળકોએ ભારે બેગ સાથે લાંબું અંતર કાપવું પડે છે. વર્તમાન સમયમાં ગરમીની મોસમ ચાલી રહી છે. વીજળી વારંવાર જતી રહે છે. શાળામાં જનરેટરની સુવિધા ન હોવાથી બાળકોને ગરમીમાં મુશ્કેલી પડે છે.વાલીઓએ ફરજિયાત ભોજન યોજના સામે પણ વાંધો ઉઠાવ્યો છે. તેમના મતે ભોજનની ગુણવત્તા યોગ્ય નથી. આમ છતાં શાળા સંચાલકો તેને ફરજિયાત બનાવી રહ્યા છે.તાજેતરમાં શાળાએ લોગો વાળી બુકના વેચાણ મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ નોટિસ પાઠવી હતી. આ મુદ્દે શાળાના આચાર્ય શૈલજા સિંહે જણાવ્યું કે, વાલીઓની રજૂઆતને ધ્યાને લઈને તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

# સીલી ગામમાં નહેર પરના બે પુલ બંધ કરાતા વિદ્યાર્થીઓ -કામદારોને મુશ્કેલી

## શાળાના સમયે અને નાના વાહનો માટે પુલ ખુલ્લો મૂકવાની માંગ

• વલસાડ

દાદરા નગર હવેલીના સીલી ગામમાં દમણગંગા વિભાગની નહેર પર આવેલા બે પુલ પ્રશાસને બંધ કર્યા છે. ગુરુવારે સાંજે પ્રશાસનની ટીમે અચાનક આ પગલું લીધું છે. આ માર્ગ પર નવોદય વિદ્યાલય, અદ્વૈતા ગુરુકુલ સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો આવેલા છે. હાલમાં માત્ર નહેરના કિનારે આવેલો 12 ફૂટનો રસ્તો જ વૈકલ્પિક માર્ગ તરીકે ઉપલબ્ધ છે. આ સાંકડા માર્ગ પર એક સમયે માત્ર એક જ વાહન પસાર થઈ શકે છે. સામેથી વાહન આવે તો કોઈ એક વાહનને 500 મીટર પાછું જવું પડે છે. 25 ફૂટ ઊંડી નહેરમાં પડવાનું જોખમ પણ છે. રાત્રે સ્ટ્રીટલાઈટ ન હોવાથી મુશ્કેલી વધે છે. દાદરા નગર હવેલી



માર્ગ અને મકાન વિભાગ તેમજ નવસારીએ પુલનો સર્વે કર્યો હતો. પુલ જર્જરિત છે અને રિપેર થઈ શકે તેમ નથી. આથી કલેક્ટરે જાહેરનામું બહાર પાડી પુલને કાયમી ધોરણે બંધ કર્યો છે. સ્થાનિકોએ શાળાના સમયે અને નાના વાહનો માટે પુલ ખુલ્લો મૂકવાની માંગ કરી છે. છેલ્લા દસ વર્ષથી આ પુલનું માત્ર લેવલ ચેક થતું રહ્યું છે.

# ભરૂચના નબીપુર-બંબુસર સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ



• ભરૂચ

ભરૂચ જિલ્લામાં મોસમનો પ્રથમ વરસાદ નોંધાયો છે. આજે સાંજના સમયે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. ભરૂચ તાલુકાના નબીપુર અને બંબુસર વિસ્તારમાં કાળા ડિબાંગ વાદળો સાથે વીજળીના કડાકા-ભડાકા વચ્ચે વરસાદ નોંધાયો હતો. સવારથી શહેરમાં ભારે બફારાયુક્ત વાતાવરણ હતું અને તાપમાન ઊંચું નોંધાયું હતું. સાંજના સમયે પવન ફૂંકાવા સાથે શરૂ થયેલા વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી હતી. ભરૂચ સ્ટેશન વિસ્તાર સહિત શહેરના અન્ય ભાગોમાં પણ વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

## આરોપીઓ શ્રમિકો સાથે મિત્રતા કરી નાસ્તો કરાવવાના નામે કેફી પદાર્થ આપી લૂંટતા હતા

# સુરતના ઉધનામાં મોબાઈલ માટે યુવકની હત્યા કરનાર બે આરોપી ઝડપાયા

• સુરત

સુરતના ઉધના વિસ્તારમાં 11મી જૂને લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રિયલના ખુલ્લા પ્લોટમાંથી મળી આવેલી લાશનો ભેદ ઉધના પોલીસે ઉકેલી કાઢ્યો છે. માત્ર 4 હજારના મોબાઈલ ફોન માટે યુવકની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ, પુના ચંદ્ર શાહુ અને બુલ્લુ સ્વાઈની ધરપકડ કરી છે. આરોપીઓ પહેલા શ્રમિકો સાથે મિત્રતા કરતા હતા પછી નાસ્તો કરાવવના નામે કેફી પદાર્થ આપી



લૂંટ કરતા હતા.

આ ઘટનામાં પ્રાથમિક તપાસમાં અકસ્માત નોંધવામાં આવ્યો હતો, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ઉધના પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરતાં હત્યાનો ખુલાસો થયો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પુના ચંદ્ર શાહુ અને તેના સાગરીત બુલ્લુ સ્વાઈએ શ્રમિક સાથે પહેલા મિત્રતા કરી હતી. મૃતક યુવક, સંતોષ કુમારને નાસ્તો કરવાના બહાને પોતાની સાથે લઈ ગયા હતા. નાસ્તો કર્યા બાદ તેમણે સંતોષ કુમારને કોલ્ડ્રિન્કસમાં કેફી પીણું ભેળવીને પીવડાવ્યું હતું જેના કારણે તે બેભાન થઈ ગયો હતો.

જ્યારે આરોપીઓએ સંતોષ કુમાર પાસેથી મોબાઈલ અને રોકડા રૂપિયા કાઢવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે પ્રતિકાર કર્યો હતો. આથી, આરોપીઓએ તેને હાથ વડે મુક્કા મારીને જમીન પર પછાડી દીધો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. આરોપી પુના ચંદ્ર શાહુ એક રીઢો ગુનેગાર છે અને તેના પર અગાઉ પાંચ જેટલી લૂંટ સહિતના ગુનાઓ નોંધાયેલા છે. ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, આરોપી પુના ચંદ્ર શાહુ ખાસ કરીને મજૂર વર્ગના લોકોને નિશાન બનાવતો હતો જેમની પાસે મોંઘા ફોન હોય. ઉધના પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# દમણથી સુરત જતો વિદેશી દારૂનો જથ્થો ભીલાડમાં પકડાયો

## જીરૂ કોલ્ડ્રીંક્સના કાર્ટૂન વચ્ચે 525 લીટર દારૂ મળ્યો, બે આરોપી ઝડપાયા

• વલસાડ

ભીલાડ પોલીસે દમણથી સુરત તરફ જતા એક ટેમ્પામાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડ્યો છે. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. કુલ 8.08 લાખના મુદ્દામાલ સાથે આરોપીઓને પકડવામાં આવ્યા છે. વલસાડ એસપી ડો. કરણરાજ વાઘેલા અને ડિવાયએસપી બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ ભીલાડ પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન આ કામગીરી કરી. ગુપ્ત બાતમીના આધારે પોલીસે જંબુરી ચેકપોસ્ટ નજીક એક સફેદ અશોક લેલેન્ડ ટેમ્પો રોક્યો. ટેમ્પાના લોડિંગ વિભાગમાં જીરૂ કોલ્ડ્રીંક્સના કાર્ટૂન વચ્ચે વિદેશી દારૂના 48 બોક્સ છુપાવેલા હતા. આ બોક્સમાંથી કુલ 1,512 બોટલ (525.6 લીટર) દારૂ મળી આવ્યો. પોલીસે ટેમ્પો ચાલક અફસર હમીદ ખાન (22) અને તેના સાથી તૌશીફ ઉર્ફે બાબા નાશીર શેખ (28)ની ધરપકડ કરી છે. પોલીસે કબજે કરેલા મુદ્દામાલમાં 5 લાખની કિંમતનો ટેમ્પો, 2.84 લાખનો વિદેશી દારૂ, બે મોબાઈલ ફોન અને જીરૂ કોલ્ડ્રીંક્સના 85 બોક્સનો સમાવેશ થાય છે. દારૂનો જથ્થો મોકલનાર દમણના કચીગામના રવુભાઈ ઉર્ફે જીતુભાઈ હજુ ફરાર છે.બંને પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ ભીલાડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**ન્યૂઝ ફોકસ** — *સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે આગામી રથયાત્રાના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરી વિસ્તારમાં કોઈ અનિચ્છનનીય બનાવ ન બને તે સુનિશ્ચિત કરવાના ભાગરૂપે ગંભીર ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ઝૂંબેશ હાથ ધરી હતી. આ ઝૂંબેશના ભાગરૂપે ઓડિશાના ખલીકોટ પોલીસ*

# ઓડિશામાં હત્યા અને બળાત્કારના આરોપીઓ સુરતમાંથી ઝડપાયા

## હાથ બનાવટનો બોમ્બ તેમજ તલવારથી હત્યા અને સગીરા સાથે દુષ્કર્મના આરોપી ધરપકડથી સુરતમાં છુપાયા હતા

• સુરત

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે આગામી રથયાત્રાના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરી વિસ્તારમાં કોઈ અનિચ્છનનીય બનાવ ન બને તે સુનિશ્ચિત કરવાના ભાગરૂપે ગંભીર ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ઝૂંબેશ હાથ ધરી હતી. આ ઝૂંબેશના ભાગરૂપે ઓડિશાના ખલીકોટ પોલીસ સ્ટેશનમાં નોંદાયેલા હત્યા અને બળાત્કારના ગુનામાં સંડોવાયેલા બે અલગ અલગ વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

હાથ બનાવટનો બોમ્બ તેમજ તલવાર વડે હત્યા અને સગીરા સાથે દુષ્કર્મના આરોપી ધરપકડથી બચવા માટે સુરતમાં સંચાના કારખાનામાં નોકરી કરી રહ્યા હતા. પોલીસ કમિશનર દ્વારા આપવામાં આવેલી સૂચના અનસાર, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો આ ગુનાઓમાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીઓને શોધી રહી હતી. આ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે અમરોલીના કોસાડ અંજની ઈન્ડસ્ટ્રીઝ 2 ખાતેથી આરોપી નારાયણ મધુ પરીડા (ઉ.વ. 23) અને કતારગામ GIDC ચાર રસ્તા ખાતેથી આરોપી જીતેન્દ્ર રમા બારીક (ઉ.વ. 26)ને ઝડપી પાડવામાં આવ્યા હતા.આરોપી નારાયણ મધુ પરીડાની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે તેણ તા. 5 માર્ચ 2025ના રોજ સવારના સમયે કૌટુંબિક વિવાદની અદાવતમાં રવીન્દ્રનાથ દાસ નામના વ્યક્તિ પર હાથ બનાવટનો બોમ્બ ફેંક્યો ત્યાર બાદ તલવાર વડે ઈજા પહોંચાડી તેનું મોત નીપજાવ્યું હતું. આ ગુના સંદર્ભે ઓડિશાના ખલીકોટ પોલીસ સ્ટેશનમાં એક્સપ્લોઝિવ સબસ્ટન્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. નારાયણ પીરાડ મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના ખલીપુર પોલીસ સ્ટેશનના ભાકુટીડીહ ગામનો રહેવાસી છે અને સુરતમાં કોસાડ અમરોલી ખાતે વિજયભાઈના કારખાનામાં મજૂરી કામ કરતો હતો.બીજો આરોપી જીતેન્દ્ર રમા બારીકની પૂછપરછમાં ખુલાસો થયો છે કે, તેણે અન્ય સહઆરોપી સાથે મળીને તા. 1 જાન્યુ. 2024ના રોજ બાટેશ્વર મંદિર, ટોટાગવ, ઓડિશા ખાતે એક ભોગ બનનારને કોલ્ડ્રિંક્સમાં માદક પદાર્થ પીવડાવી તેની સાથે જાતીય સંબંધ બાંધ્યો હતો, જેના પરિણામે ભોગ બનનાર 8 માસની ગર્ભવતી બની હતી. આ ગુના સંદર્ભે ઓડિશાના ખલીકોટ પોલીસ સ્ટેશનમાં પોક્સો હેઠલ ગુનો નોંધવામાં આવ્યો હતો. જીતેન્દ્ર બારીક મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના ખલીપુર પોલીસ સ્ટેશનના ટોટા ગામનો રહેવાસી છે અને સુરતના કતારગામ રેલવે પાટા પાસેની ઉત્તકલનગર ઝૂંપડપટ્ટીમાં સૂર્યા પાંડીના મકાનમાં રહેતો હતો.



### મેટ્રો ઈન દીનોનો સીન વાઈરલ

# પંકજ ત્રિપાઠી લાલ રંગની સ્કર્ટ પહેરી રસ્તા પર દોડતા જોવા મળ્યા





બોલિવૂડના ફેમસ એક્ટર પંકજ ત્રિપાઠી આ દિવસોમાં ક્રિમિનલ જસ્ટિસ સિઝન-4 ને લઈ ચર્ચામાં રહ્યા છે. હાલમાં જ તેમનો પાંચમો એપિસોડ રિલીઝ થયો છે. અભિનેતાએ વકીલ માધવ મિશ્રાની ખૂબ સારી ભૂમિકા ભજવી છે. આ સીરિઝ સિવાય તેઓ તેમની અપકમિંગ ફિલ્મને લઈને પણ ચર્ચામાં છે.

અનુરાગ બાસુની અપકમિંગ ફિલ્મ 'મેટ્રો ઈન દીનો'નો એક સીન ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે રસ્તા પર અર્ધ નગ્ન હાલતમાં દોડતા દેખાય છે. આ સીન વિશે વાત કરતા અભિનેતાએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે.

'મેટ્રો ઈન દીનો'નો એક સીન ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે એક ડેટિંગ એપ પર સ્વાઈપ કરી રહ્યા હોય છે અને તે દરમિયાન અચાનક તેમનો ઝઘડો વાઈફની ભૂમિકા ભજવી રહેલા કોંકણા સાથે થઈ જાય છે. ત્યાર પછી તેઓ રસ્તા પર આગળ નીકળે છે અને તે સીનમાં તેમના શરીર પર ઓછા કપડાં જોવા મળે છે. રસપ્રદ વાત એ છે કે આ વીડિયો સીન લાઈવ લોકેશન પર શૂટ કરવામાં આવ્યું હતું. આ સીનને ફિલ્મના ટ્રેલરમાં પણ બતાડવામાં આવ્યું છે.

અભિનેતા પંકજ ત્રિપાઠીએ તેમની ફિલ્મ 'મેટ્રો ઈન દીનો' ના વાઈરલ સીન વિશે જણાવતા કહ્યું 'આ ખૂબ સરસ સીનને રિયલ લોકેશન શૂટ કરવામાં આવ્યો હતો. મે આવો સીન પહેલી વાર કર્યો છે, જેમાં ઓછા કપડાં પહેર્યા હતા, પણ ફિલ્મ માટે આ રોલ ખૂબ જરૂરી હતો. આ ફિલ્મની સ્ટોરીને સારી રીતે નિખારવા માટે હતું. સીનમાં અમે હિડન કેમેરા લગાવ્યા હતા.આની અસર એ થઈ કે લોકોની વાસ્તવિક પ્રતિક્રિયાઓ કેમેરામાં કેદ થઈ ગઈ. અમને તો અંદાજો પણ ન લાગ્યો કે આ સીનનું શૂટિંગ ક્યારે શરૂ થયું અને ક્યારે પૂરું થયું. હું આ સીન કરવા માટે ચોક્કસ નર્વસ હતો, પરંતુ આ પ્રયોગ વિના અમે સ્ટોરીટેલિંગને સારી રીતે પૂરી ન કરી શક્યા હોત. આ સીન ભજવવાની તૈયારી માટે મે ઘણા દિવસોથી દોડવાની પ્રેકિટસ કરી હતી'

# કાંતારા-2ના આર્ટિસ્ટ કલાભવન નીજુનું સેટ પર હાર્ટઍટેક નિધન આવતા મોત

### બે મહિનામાં ત્રીજું મોત થતાં ચિંતા



સાઉથ ફિલ્મ કાંતારા ચેપ્ટર 1ની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ફિલ્મના કલાકારોમાં સામેલ અભિનેતા કલાભવન નીજુનું નિધન થયું છે. તેઓ 43 વર્ષના હતા. શૂટિંગ દરમિયાન તેમનું હાર્ટ એટેકથી અવસાન થયું હતું. 'કંતારા ચેપ્ટર 1' ના યુનિટમાં આ ત્રીજું મૃત્યુ છે. જે એક ખૂબ આઘાતજનક છે. આશ્ચર્યજનક વાત એ છે કે અલગ અલગ રીતે મૃત્યુ પામેલા દરેક લોકોની ઉંમર નાની હતી.

રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે 43 વર્ષીય નીજુનું નિધન ગુરુવારે રાત્રે બેંગલુરુમાં થયું હતું. છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન જ તેમણે શ્વાસ છોડી દીધો હતો. મિમિક્રી આર્ટિસ્ટ કનન સાગરે એક્ટરના નિધનની પુષ્ટિ કરી છે. નીજૂ એક સારાએક્ટર અને મિમિક્રી આર્ટિસ્ટ હતા. તેમણે ઓડિશન દ્વારા ફિલ્મમાં એક મોટો રોલ મેળવ્યો હતો. આ પહેલા હાલમાં જ તેઓ માર્કો નામની ફિલ્મમાં જોવા મળ્યા હતા.

કાંતારા ચેપ્ટર 1 ના શૂટિંગની સાથે બે ભયાનક ઘટના ઘટી હતી. મે 2025માં કાર્ડિયેક અરેસ્ટના કારણ કોમેડિયન અને એક્ટર રાકેશ પુજારીનું નિધન થયું હતું. તેઓ 33 વર્ષના હતા અને જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ તેમના મિત્રને મળવા ગયા હતા. તો બીજી બાજુ એજ મહિનામાં 32 વર્ષના જૂમિયર આર્ટિસ્ટ એમ એફ કપિલનું પણ નિધન થયું હતું. એટલુ જ નહીં ભારે વરસાદના કારણે કાંતારા ચેપ્ટર 1નો કિમતી સેટ પણ ભારે વરસાદમાં તબાહ થઈ ગયો હતો.

# સુશાંત સિંહ રાજપૂતની પુણ્યતિથિ પર શત્રુઘ્ન સિન્હાએ ભાવુક પોસ્ટ શેર કરી



બોલિવૂડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતના નિધનની આજે પાંચમી પુણ્યતિથિ છે. 14 જૂન 2020ના દિવસે એક્ટરે બાન્દ્રા સ્થિત એપાર્ટમેન્ટ પર પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. પાંચ વર્ષ બાદ પણ તેનું નિધન ફેન્સ માટે એક રહસ્ય છે. હવે એક્ટર અને રાજનેતા શત્રુઘ્ન સિન્હાએ સુશાંત વિશે પોતાની વાત મૂકી છે. એક્ટરે જણાવ્યું કે, સુશાંતનું મૃત્યું મોટી દુર્ઘટના હતી અને એ દુઃખને ઓછું ન કરી શકાય. આ સાથે જ તેમણે સુશાંતની બાયોપિક વિશે પણ વાત કરી હતી. શત્રુઘ્ન સિન્હાએ એક મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, દેશ હજુ સુધી સુશાંતના મૃત્યુથી ઉભરી નથી શક્યો. અમુક ઘટનાઓ એવી હોય છે કે, જેનું દુઃખ સમયની સાથે ઓછું નથી થતું. સુશાંત માટે લોકોનો પ્રેમ જ છે, જેના કારણે તેનું મૃત્યુ હજું સુધી એક રહસ્ય બનેલું છે.' સુશાંતની મોત પર વાત કરતા શત્રુઘ્ન સિન્હાએ કહ્યું કે, 'લોકો પોતાના પ્રિયજનોની મોતને રહસ્યમયી માને છે. ખાસ કરીને જ્યારે તેઓ નાની ઉંમરમાં મોતને ભેટે. જેમ કે, ગુરૂ દત્ત, મીના કુમારી અને સૌની મનપસંદ શ્રીદેવી. સુશાંતનું જવું કોઈ ક્ષેત્રીય દુર્ઘટના નથી પરંતુ એક રાષ્ટ્રીય દુર્ઘટના છે. જોકે, હું કોઈ ગૉડફાધર વિના હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જગ્યા બનાવવા માટેના સંઘર્ષથી સંમત છું. જ્યારે હું મુંબઈ આવ્યો, તો મારી પાસે કોઈ સંપર્ક નહતો અને મને નહતી ખબર કે, આગળ કેવી રીતે વધવું. મારા ખિસ્સામાં બસ અમુક સો રૂપિયા હતા અમે જોશ અનંત હતો. હું સુશાંતમાં પણ એ જ જોશ જોઉ છું. તેણે જે ફિલ્મો કરી તે આપણા માટે વારસો છે જેને અવગણવું મુશ્કેલ છે. સુશાંત સિંહ રાજપૂત પર બાયોપિકની જરૂર નથી.'

# સેન્સર બોર્ડના સૂચનો મુજબ ફેરફાર ના કરાતા સિતારે જમીન પર રીલીઝ પહેલા જ ડખો

### ફિલ્મમાં કોઈ કટ લગાવ્યા વગર પાસ થવી જોઈએઃ આમીર ખાન



આમિર ખાનની ફિલ્મ 'સિતારે જમીન પર' 20 જૂનના રોજ રિલીઝ થવાની છે. પરંતુ ફિલ્મને હજુ સુધી સેન્સર બોર્ડ તરફથી સર્ટિફિકેટ મળ્યું નથી. રિપોર્ટ પ્રમાણે આમીર અને CBFC વચ્ચે ઉગ્ર બોલાચાલી સાથે દલીલો થઈ છે. સેન્સર બોર્ડની સૂચના પ્રમાણે આમીર ખાન ફિલ્મમાં ફેરફાર કરવા માટે તૈયાર નથી. આવો જાણીએ શું છે આખો મામલો.

એક રિપોર્ટ પ્રમાણે મેકર્સ તરફથી 'સિતારે જમીન પર' ને થોડા દિવસો પહેલા જ સેન્સર બોર્ડ પાસે મોકલવામાં આવી છે. જ્યાંથી બોર્ડ દ્વારા ફિલ્મમાં કેટલાક ફેરફાર કરવા કહ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે CBFCએ 'સિતારે જમીન પર' માં કેટલાક કટ્સ સાથે ફેરફાર કરવા કહ્યું હતું, પરંતુ આમીર ખાન ઈચ્છે છે કે, ફિલ્મમાં કોઈ કટ લગાવ્યા વગર પાસ થવી જોઈએ. તેઓ અને ડાયરેક્ટર આર. એસ. પ્રસન્નાએ સમજી વિચારીને આખી ફિલ્મ તૈયાર કરી છે.'

સેન્સર બોર્ડના કહેવા પ્રમાણે આમીર ખાને ફિલ્મમાં ફેરફાર ન કરવાના કારણે બોર્ડ દ્વારા હજુ સુધી ફિલ્મને કોઈ સર્ટિફિકેટ આપવામાં આવ્યું નથી. જોકે, સેન્સર બોર્ડે કયા સીન્સ અને ડાયલોગ કટ કરવાનું કહ્યું છે, તેના વિશે કોઈ સમાચાર નથી. હવે આમિર ખાન સેન્સર બોર્ડની કમિટીને સોમવારના રોજ એકવાર ફરી મળવા જશે. જ્યા તેઓ પોતાની રજૂઆત કરશે. જો બધુ બરોબર રહ્યું તો 16 જૂન સુધી સર્ટિફિકેટ મળી જશે. તે પછી જ ભારતમાં એડવાન્સ બુકિંગ ઓપન થઈ શકશે.

# હૃતિક અને રાકેશ રોશને ત્રણ પ્રોપર્ટી 6.75 કરોડમાં વેચી



મુંબઈ : રાકેશ રોશન અને હૃતિક રોશને મુંબઈમાં પોતાની ૩ પ્રોપર્ટીઓ વેંચીને ૬.૭૫ કરોડ રુપિયા મેળવ્યા છે. રાકેશ રોશને બે અને હૃતિકે પોતાના નામના એક ફલેટનો સોદો કર્યો છે. રાકેશ રોશને અંધેરી વેસ્ટમાં ૧૦૭૫ ચોરસ ફૂટનો એક ફલેટ ૩.૭૫ કરોડમાં વેચ્યો છે. અંધેરી વેસ્ટમાં જ ૬૨૫ ચોરસ ફૂટનો બીજો એક ફલેટ ૨.૨૦ કરોડમાં વેચવામાં આવ્યો છે. હૃતિક રોશને ૨૪૦ ચોરસ ફૂટનો એક નાનો ફલેટ ૮૦ લાખમાં વેચ્યો છે. આ તમામ મિલ્કતોનો સોદા મે માસમાં થયા હતા. હૃતિક છેલ્લા કેટલાક સમયથી પ્રોપર્ટી સંબંધિત સોદા કરી રહ્યો છે. થોડા સમય પહેલાં તેણે ગોરેગાંવ વિસ્તારમાં એક ઓફિસ ભાડે આપી હતી. આ ઓફિસ પેટે તેને દર મહિને ૫.૬૨ લાખનું ભાડું મળી રહ્યું છે. તેણે પુણેમાં પણ તાજેતરમાં એક ઓફિસ ભાડે આપી છે જેના પેટે તેને દર મહિને ૬.૦૮ લાખ રુપિયાનું ભાડું મળી રહ્યું છે. રાકેશ રોશન હૃતિકને લઈને 'ક્રિશ ફોર' બનાવવાના છે. આ ફિલ્મનું દિગ્દર્શન ખુદ હૃતિક કરવાનો છે. આ ફિલ્મ લાંબા સમયથી વિચારણા હેઠળ હતી પરંતુ બજેટના વાંકે અટવાઈ પડી હતી.

### ઓસ્ટ્રેલિયાને 5 વિકેટે હરાવ્યું, એડન માર્કરમની સદી

# WTCની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાનો વિજય




વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2025ની ફાઈનલ મેચમાં એડન માર્કરમની વિસ્ફોટ સદીની મદદથી દક્ષિણ આફ્રિકાનો વિજય થયો છે. દક્ષિણ આફ્રિકાએ લોર્ડ્ઝમાં રમાયેલી મેચના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયાની ટીમને 5 વિકેટે પરાજય આપ્યો છે. ઓસ્ટ્રેલિયની ટીમે પ્રથમ ઈનિંગમાં 212 રન અને બીજી ઈનિંગમાં 207 રન નોંધાવ્યા હતા, જ્યારે દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં 138માં ઓલઆઉટ થઈ ગયા બાદ બીજી ઈનિંગમાં ધમાકેદાર પ્રદર્શન કરી 5 વિકેટે 282 રન નોંધાવી વિજય મેળવ્યો છે. ઓસ્ટ્રેલિયા તરફથી પેટ કમિન્સે સૌથી વધુ કુલ 7 વિકેટ અને મિચેલ સ્ટાર્કે કુલ 5 ઝડપી હતી, જોકે બંને બોલરોની મહેનત એડે ગઈ છે. માર્કરમે બીજી ઈનિંગમાં 136 રન અને બવુમાએ 66 રન નોંધાવી દક્ષિણ આફ્રિકાને જીત અપાવી છે.

માર્કરમની સદી અને કેપ્ટન બવુમા સાથેની ભારે સંઘર્ષમય શતકીય ભાગીદારીને સહારે દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતવાનો તખ્તો ઘડી કાઢ્યો હતો. લોર્ડ્ઝમાં ચાલી રહેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ 207 રનમાં સમેટાઈ તે પછી જીતવા દક્ષિણ આફ્રિકાને 282નો ટાર્ગેટ મળ્યો હતો. જેની સામે રિકેલ્ટન (6) અને મુલ્ડર(27)ની વિકેટ ગુમાવ્યા બાદ માર્કરમે સદી અને બવુમાએ અડધી સદી ફટકારતાં ટીમને જીત તરફ આગળ ધપાવી હતી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહેલા જ દિવસે 14 વિકેટ પડી હતી. ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનિંગ 212 રનમાં સમેટાઈ હતી. વેબસ્ટર (72 રન) અને સ્મિથ (66)ની જોડીએ જબરજસ્ત સંઘર્ષ કરતાં અડધી સદીઓ ફટકારી હતી. ત્યાર બાદ સાઉથ આફ્રિકાનો ટોપ ઓર્ડર પણ ઓસ્ટ્રેલિયાના ફાસ્ટરો સામે ટકી શક્યો નહતો અને તેમણે પ્રથમ દિવસની રમતના અંતે પ્રથમ ઈનિંગમાં ચાર વિકેટે 43 રન નોંધાવ્યા હતા.

દક્ષિણ આફ્રિકાએ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. કેપ્ટન ટેમ્બા બાવુમાના નિર્ણયને સાચો સાબિત કરતા કગિસો રબાડાએ પાંચ વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની ટીમને પ્રથમ દાવમાં 212 રન પર ઓલઆઉટ કરી દીધી. રબાડાએ 5 વિકેટ અને માર્કો યાનસને 3 વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની બેટિંગની કમર તોડી નાખી. દક્ષિણ આફ્રિકાનો પણ પ્રથમ દાવ નબળો રહ્યો અને તેઓ 138 રન પર ઓલઆઉટ થઈ ગયા. બીજા દાવમા રબાડાએ ફરીથી 4 વિકેટ ઝડપી અને ઓસ્ટ્રેલિયાની ટીમ આ વખતે 207 રન પર ઓલઆઉટ થઈ.

ઑસ્ટ્રેલિયા સામે 282 રન ચેઝ કરવા મેદાને ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમની 70 રનના સ્કોર પર 2 વિકેટ પડી હતી. ત્યારે કેપ્ટન ટેમ્બા બાવુમાએ પહેલી ઈનિંગમાં 36 રન બનાવી ઈજાગ્રસ્ત થયા પછી પણ તેમણે 66 રન બનાવ્યા. ત્રીજા દિવસે જ્યારે દક્ષિણ આફ્રિકાનો સ્કોર 76 રન હતો, ત્યારે સ્ટીવ સ્મિથે સ્લિપમાં બાવુમાનો કેચ છોડી દીધો. તે સમયે તેઓ માત્ર 2 રન પર બેટિંગ કરી રહ્યા હતા.

### સુરુચિએ શૂટિંગ વર્લ્ડ કપ ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું

# ભારતની સુરુચિ સિંઘે સતત ત્રીજો ગોલ્ડ મેડલ જીતી ઇતિહાસ રચ્યો



ભારતીય મહિલા શૂટર સુરુચી ઈન્દર સિંઘે શૂટિંગ વર્લ્ડ કપ ફાઈનલમાં પોતાના શાનદાર પ્રદર્શનથી ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ તેનો વ્યક્તિગત ઈવેન્ટમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ છે.

સુરુચી સિંઘે ISSF મ્યુનિક વર્લ્ડ કપમાં મહિલા કેટેગરીમાં 10 મીટર એર પિસ્તોલ ફાઈનલમાં 241.9 સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો છે. તેની જીતના કારણે તેના વતન હરિયાણા સહિત સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છે.

19 વર્ષીય સુરુચીએ કુલ 241.9 પોઈન્ટ્સ સાથે ગોલ્ડ મેડલની હેટ્રિક પૂર્ણ કરી છે. તેણે આ ફાઈનલમાં ફ્રાન્સની કેમિલ જેડ્રઝેજેવસ્કીને માત્ર 0.2 થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો છે. જયારે ચીનની યાઓ કિઆનક્સુને કુલ 221.7 પોઈન્ટ્સ સાથે ત્રીજું સ્થાન મેળવીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

ભારતીય શૂટર ફાઈનલમાં 52.1 ના શરૂઆતના રાઉન્ડ સાથે આગળ હતી. ત્યારબાદ તેણે એલિમિનેશન રાઉન્ડમાં પોતાની લીડ ગુમાવી દીધી હતી, પરંતુ છેલ્લા કેટલાક શોટમાં જોરદાર વાપસી કરીને ફ્રાન્સની કેમિલને હરાવી દીધી હતી.

અગાઉ, સુરુચી સિંઘે શુક્રવારે ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) શૂટિંગ વર્લ્ડ કપ (રાઈફલ) ના ક્વોલિફિકેશન રાઉન્ડમાં 588 પોઈન્ટ સાથે બીજા સ્થાને રહી હતી અને ત્યારબાદ ફાઈનલમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

## સંક્ષીપ્ત સમાચાર

### ગોધરાના હોતચંદભાઈ ધમવાણીએ 151મી વખત રક્તદાન કરી રેકોર્ટ સર્જ્યો

ગોધરા : ગોધરામાં વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી. સાર્વજનિક કોમર્સ કોલેજના એનએસએસ વિભાગ દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં બે વિશેષ ઘટના બની. એક તરફ કોલેજની વિદ્યાર્થિની ધ્રુવી શાહે પ્રથમવાર રક્તદાન કર્યું, તો બીજી તરફ ગોધરાના હોતચંદભાઈ ધમવાણી (બાબુજી)એ 151મી વખત રક્તદાન કરી નવો રેકોર્ડ બનાવ્યો છે. કેમ્પમાં કોલેજના છોકરા-છોકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને માનવતાની સેવામાં યોગદાન આપ્યું છે. કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રિન્સિપાલ અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. અરુણસિંહ સોલંકીએ કર્યું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગોધરાના ચેરમેન ડો. ભોલંદા, ડો. જુવા, લાયન્સ ક્લબ ગોધરાના પદાધિકારીઓ, પત્રકાર પ્રદીપભાઈ સોની, પ્રોફેસર ડો. ઉન્નતિ પરમાર અને લાયન હેમંત વર્મા સહિતના મહાનુભાવોએ કાર્યક્રમમાં હાજરી આપી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### ગોધરા પરવડી બાયપાસ પર ટ્રેલરને અકસ્માત નડતા ડ્રાઈવરનો પગ કન્ટેનરમાં ફસાયો

ગોધરા : ગોધરા પરવડી બાયપાસ પર જલારામ સ્કૂલ નજીક એક ટ્રેલરને અકસ્માત નડ્યો છે. અકસ્માતમાં ટ્રેલર ડ્રાઈવરનો પગ કન્ટેનરના પતરામાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ગોધરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી. ફાયર ફાઈટરના જવાનોએ આધુનિક સાધનોથી ટ્રેલરનું પતરું કાપીને ડ્રાઈવરનો પગ બહાર કાઢ્યો. બચાવ કામગીરી બાદ ઈજાગ્રસ્ત ડ્રાઈવરને 108 એમ્બ્યુલન્સ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો. પોલીસે અકસ્માતના કારણની તપાસ શરૂ કરી છે. ફાયર વિભાગની સમયસર કામગીરીથી ડ્રાઈવરનો જીવ બચી શક્યો છે. હાલ ડ્રાઈવરની ગોધરા હોસ્પિટલમાં સારવાર ચાલુ છે.

### વડોદરામાં LRD પરીક્ષાને લઈ ચૌધરી સમાજે 400થી વધુ પરીક્ષાર્થીઓ માટે વ્યવસ્થા કરી

વડોદરા : રવિવારે યોજાનાર LRDની પરીક્ષાને લઈ વહેલી સવારે એન્ટ્રી હોવાથી પરીક્ષાર્થીઓ રાત્રિ રોકાણ માટે વડોદરા આવી પહોંચ્યા છે. વડોદરામાં આવતી કાલે 119 સેન્ટર પર 35 હજાર પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવાના છે, ત્યારે ઠેર ઠેર સામાજિક સંસ્થાઓ દ્વારા પરીક્ષાર્થીઓના રોકાણ અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. વડોદરાના સમા વિસ્તારમાં આંજણા ચૌધરી સમાજ દ્વારા લોક રક્ષક દળની પરીક્ષા આપવા આવેલ પરીક્ષાર્થીઓ માટે રહેવા જમવાની અને પરીક્ષા સ્થળ સુધી પહોંચાડવાની ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. અહીંયા 300 ભાઈઓ અને 100થી વધુ બહેનો માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે પરીક્ષા સ્થળ સુધી પહોચાડવા માટે પણ પૂરતી તૈયારીઓ કરવામાં આવી છે. આ સ્થળે અહીંયા 15થી વધુ સ્વયં સેવકો દ્વારા નિસ્વાર્થ ભાવે સેવા કરવામાં આવી હતી. આ અંગે સૌરવ ચૌધરીએ જણાવ્યું હતું કે, હું મહેસાણા જિલ્લાના ખેરથી અહીંયા પરીક્ષા આપવા માટે આવ્યો છું. કાલે લોકરક્ષકની પરીક્ષા હોવાથી અહીંયા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. અહીંયા સ્વયં સેવકો કામગીરી કરી રહ્યા છે તેઓનો ખૂબ સારો પ્રસ્તિસાદ મળી રહ્યો છે. આ અંગે અન્ય એક વડીલ રણછોડભાઈએ જણાવ્યું કે, હું મહેસાણાના વિસનગરથી આવ્યો છું. હું વડોદરા આવી એમ એમ ચૌધરી છાત્રાલયમાં રોકાયો છું, અહીંયા ખૂબ સારી વ્યવસ્થા કરવાની આવી છે. અહીંયા રહેવા જમવા માટે ખુબજ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે સ્વયં સેવક તરીકે પોતાની ફરજ બજાવતાં પાર્થ ચૌધરી સેવકે જણાવ્યું હતું કે, અમારા દ્વારા અહીંયા રહેવા જમવાની સુવિધા કરવામાં આવી છે. સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને ઉત્તર ગુજરાત સહિતના તમામ ઉમેદવારો માટે જમવા અને સવારે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીંયા બહેનો માટે પરીક્ષા સ્થળ સુધી પહોચાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

### પશુ અધિનિયમના બે કેસમાં નાસતો આરોપી ગોધરાની મસ્જિદ પાસેથી ઝડપાયો

ગોધરા : પંચમહાલ પેરોલ-ફર્લો સ્કવોર્ડે પશુ અધિનિયમ હેઠળના બે કેસમાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરી છે. પોલીસ મહાનિરીક્ષક આર.વી.અસારી અને પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી. પેરોલ ફર્લો સ્કવોર્ડના એ.એસ.આઈ. હાર્દિકકુમાર કાનાભાઈને ટેકનિકલ અને માનવીય સ્રોતોથી માહિતી મળી હતી. આ માહિતીના આધારે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી એહમદહુસેન ઉર્ફે મોહસીન ઉર્ફે પૌવો સિદીક વસ્કાને ગોધરાની ઉપલીવાડી વિસ્તારમાં આવેલ અબરાર મસ્જિદ પાસેથી પકડવામાં આવ્યો હતો. આરોપી સામે ગોધરા બી ડિવિઝન અને વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-2017 હેઠળ ગુના નોંધાયેલા છે. આ કેસમાં કલમ 5(1), 6(એ), 6(બી), 8(2), 8(4), 10 તેમજ B.N.S. કલમ 325 અને જી.પી. એક્ટ કલમ 119 હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. પકડાયેલા આરોપીને વધુ કાર્યવાહી માટે ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓને પકડવાની કામગીરી ચાલુ છે.

### 2001થી 2016 સુધીના ટેકસની ભરપાઈ ન કરનાર 24 વાહનોની હરાજી થશે

વડોદરા : વડોદરા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ખાતે છેલ્લા ઘણા સમયથી ટેક્સની ભરપાઈ ન કરનાર વાહન ખૂબ જ કપરી સ્થિતિમાં પડેલા છે. જે કચેરીમાં આવેલા કમ્પાઉન્ડમાં જગ્યા તો રોકે છે પરંતુ, સરકારનો ટેક્સ છેલ્લા 20 વર્ષથી ભર્યો નથી. આવા 24 જેટલા મોટા વાહનોની હરાજી અંગેની અપસેટ વેલ્યુ જાહેર કરવામાં આવી છે અને ટૂંક સમયમાં તેની હરાજી થશે. આ વાહનોમાં વર્ષ 2001થી લઈ વર્ષ 2016 સુધીના વાહનોનો સમાવેશ થાય છે. વડોદરા RTO વિભાગમાં છેલ્લા 25 વર્ષ જૂના વાહનો કે જેઓ દ્વારા ટેકસની ભરપાઈ કરવામાં આવી નથી. આવા વાહનો સામે RTO વિભાગ સમય સર ટેક્સ ન ભરનાર વાહન જપ્ત કરાયા અને ત્યારબાદ આજ દિન સુધી ટેક્સ ન ભરતા સંબંધિત વિભાગ દ્વારા મિલકત પર બોઝો દાખલ સુધીની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે આવા માલિકોને નોટિસ પણ આપવામાં આવી છે. આ એવા વાહનો છે કે આરટીઓ વિભાગે ટેકસની ભરપાઈ કરી નથી અને તેઓને જપ્ત કર્યા છે. વર્ષો સુધી વાહન માલિકો આ ટેકસની ભરપાઈ કરતા નથી ત્યારે આ વાહનો એક તો આરટીઓ પરિસરમાં વર્ષોથી જગ્યા રોકી રહ્યા છે, સાથે સરકારના ટેક્સના પૈસા નથી આવતા જેથી તેઓ સામે કાર્યવાહીના ભાગ રૂપે હરાજી કરી તેના ટેકસની રકમ વસૂલવામાં આવશે.

વડોદરામાં મૃતકના ઘરે આવેલા લોકોને તકલીફ થતાં હોબાળો મચાવ્યો

# માંજલપુર ધનલક્ષ્મી કોમ્પ્લેક્સ બહાર દબાણોથી ત્રસ્ત સ્થાનિકોનો રાત્રે હોબાળો

**દબાણ શાખાએ પોલીસ બંદોબસ્ત સાથે ધનલક્ષ્મી સોસાયટી ખાતેની લારીઓ અને શેડના દબાણો દૂર કર્યા હતા**

• વડોદરા

શહેરના માંજલપુરના સરસ્વતી ચાર રસ્તા પાસે લારી ગલ્લાના દબાણ અને આડેધડ પાર્કિંગના કારણે સોસાયટીનો રસ્તો બ્લોક થઈ જતો હતો. અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં આ સોસાયટીના એક મહિલાનું મોત નિપજ્યું હતું. આથી મૃતકના ઘરે આવેલા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આથી સોસાયટીના રહીશોએ મોડી રાત્રે કાયમી ધોરણે રસ્તો ખુલ્લો કરવાની માંગ સાથે ભારે હોબાળો મચાવ્યો હતો. પરિણામે આજે પાલિકા તંત્ર એક્શનમાં આવ્યું હતું અને ખાણીપીણીની લારીઓ જપ્ત કરી રસ્તો ખૂલ્લો કર્યો હતો.

મળેલી માહિતી અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં માંજલપુરના સરસ્વતી ચાર રસ્તા નજીક આવેલા ધનલક્ષ્મી કોમ્પ્લેક્સ ખાતે રહેતા કલ્પનાબેન પ્રજાપતિનું નિધન થયું હતું. સંબંધીઓને આ અંગેની જાણ થતા તેઓ તેમના ધનલક્ષ્મી કોમ્પ્લેક્સ ખાતેના નિવાસ્થાને પહોંચી રહ્યાં હતાં. પરંતુ મળવા આવેલા લોકોને સોસાયટી ગેટ પાસે લારીઓ અને આડેધડ પાર્કિંગના કારણે મુશ્કેલી પડી હતી. લોકોને પડેલી મુશ્કેલીથી સોસાયટીના રહીશો શુક્રવારે રાત્રે એકઠાં થયાં હતાં અને લારીઓ દૂર કરવાની માંગ સાથે ભારે હોબાળો મચાવ્યો હતો. ધનલક્ષ્મી સોસાયટીના ભરતભાઈએ જણાવ્યું હતું કે, રાત્રે એક વાગ્યા સુધી અહીં ખાણીપીણીની લારીઓ ચાલુ રહે છે. લોકો બર્થ ડે ઉજવવા અહીં આવે છે અને મોટા અવાજ સાથે ધમાલ મસ્તી કરે છે, દુકાનદારોએ પોતાની દુકાન આગળ લારીઓ ઉભી રખાવી છે. કેટલાક લોકો સોસાયટીના કોમન પ્લોટમાં ઘૂસી જાય છે, ગ્રાહકોના આડેધડ પાર્કિંગ થાય છે, અગાઉથી જ અહીં રસ્તો ખોદી નાખ્યો હોય રસ્તો સાંકડો છે. જેથી સોસાયટીના રહીશોને સોસાયટીમાં પ્રવેશવા માટે મુશ્કેલી ઉભી થાય છે. છેલ્લા એક વર્ષથી અમે ત્રાસી ગયા છે.

મોડી રાત્રે ધનલક્ષ્મી સોસાયટીના લોકોએ હોબાળો મચાવતા આજે પાલિકામાં રજા હોવા છતાં, રહીશોની વ્યાજબી લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈ મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુની સુચનાથી વોર્ડ નંબર 18 ના વોર્ડ ઓફિસર પોલીસ બંદોબસ્ત અને દબાણ શાખા સાથે ધનલક્ષ્મી સોસાયટી ખાતે પહોંચ્યા હતા અને લારીઓ અને શેડના દબાણો દૂર કર્યા હતા.



વાવાઝોડા અને ધોધમાર વરસાદ વચ્ચે ઘટના બની

## દાહોદમાં વીજળી પડવાથી ઝાડ નીચે બેઠેલા પિતા-પુત્રનું મોત

• દાહોદ

દાહોદ જિલ્લાના મુવાલિયા ગામમાં વીજળી પડવાથી પિતા-પુત્રનું મોત થયું છે. ગામના ચોરા ઓટલા ફળિયામાં રહેતા મંડોળિયા સંજયભાઈ નાનજીભાઈ (31) અને તેમના પુત્ર આયુષભાઈ (7) સાંજે પાંચ વાગ્યે ઘરની સામેના ઝાડ નીચે બેઠા હતા. વાવાઝોડા અને ધોધમાર વરસાદ વચ્ચે અચાનક આકાશમાંથી વીજળી પડી. વીજળીના કડાકા સાથે બંને જણ બેભાન થઈને જમીન પર પડ્યા. આસપાસના લોકો અને પરિવારજનો તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા. 108 એમ્બ્યુલન્સ મારફતે બંનેને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. તબીબોએ તપાસ્યા બાદ બંનેને મૃત જાહેર કર્યા. ઘટના સમયે ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હતું. આકાશમાં વારંવાર વીજળી ચમકી રહી હતી. દાહોદ ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો કેસ નોંધ્યો છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ઘટના આબોહવાની આફતો દરમિયાન સાવચેતીનું મહત્વ દર્શાવે છે. વાવાઝોડા અને વીજળી સમયે ખુલ્લી જગ્યાઓ અને ઝાડ નીચે ઊભા રહેવાનું ટાળવું જરૂરી છે.

## 119 સેન્ટર પર 35,000 વિદ્યાર્થીઓ લોકરક્ષક કેડરની પરીક્ષા આપશે

• વડોદરા

વડોદરામાં આવતીકાલે યોજાનાર LRDની પરીક્ષાને લઈ પોલીસ વિભાગ અને શિક્ષણ વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. વડોદરામાં 119 સેન્ટર પર 35,000 વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે ત્યારે શિક્ષણ વિભાગના 50થી વધુ અધિકારીઓ અને 2500થી વધુ શિક્ષકો કામગીરીમાં જોડાયા છે. આ સાથે પોલીસ વિભાગ દ્વારા પણ આ પરીક્ષાને લઈ ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વડોદરા શહેરના પરીક્ષા કેન્દ્રો પર લોકરક્ષક કેડરની પરીક્ષાને લઈ પોલીસ અને શિક્ષણ વિભાગ સજ્જ છે. સાથે સાથે ટ્રાફિક શાખાને અને લોકલ રિક્ષા યુનિયનને પણ પરીક્ષાર્થીઓને કોઈ અગવડ ન પડે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા તા.15/06/2028 ના રોજ વડોદરા શહેરના 117 પરીક્ષા કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે.

## દાહોદમાં વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ, વૃક્ષો ધરાશાયી થયા

વરસાદ પડવાથી લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી

• દાહોદ

દાહોદ જિલ્લામાં શનિવારે સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો. વાવાઝોડા સાથે વીજળીના કડાકા-ભડાકા વચ્ચે ઝડપી વરસાદનું આગમન થયું. વરસાદે લોકોને બફારા અને અસહ્ય ગરમીથી રાહત આપી. સાંજે ચાર વાગ્યા પછી આકાશમાં ઘનઘોર વાદળો છવાયા. વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે પવન ફૂંકાયો. ત્યારબાદ ઝડપથી વરસાદ શરૂ થયો. ભારે પવનને કારણે જિલ્લાના અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા. કેટલાક વિસ્તારોમાં વીજળી પડવાના અહેવાલ મળ્યા છે.

શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી લોકોને



મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. વીજળીના ગડગડાટ અને ઝડપી વરસાદને કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો. વરસાદે ખેડૂતો અને નાગરિકોને ગરમીથી રાહત આપી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ વરસાદની સંભાવના છે. લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. વહીવટી તંત્રને પાણી નિકાલ અને નુકસાનના મૂલ્યાંકન માટે તૈયાર રહેવું પડશે.

અમદાવાદ વિમાન ક્રેશમાં આણંદના પીડિતો માટે કલેક્ટરનું પગલું

## અધિકારીઓને દિવસમાં બે વાર મૃતકોના પરિવારની મુલાકાત લેવા સૂચના

• આણંદ

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં આણંદ જિલ્લાના 33 પ્રવાસીઓના મોત થયા છે. ત્યારે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ આજે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. મૃતકોના પાર્થિવ દેહને અમદાવાદથી આણંદ સુધી લાવવા અને અંતિમ સંસ્કારની વ્યવસ્થા માટે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કલેક્ટરે અધિકારીઓને મૃતકોના પરિવારજનો સાથે સંવેદનશીલતાથી વર્તવા સૂચના આપી છે. તેમણે નાયબ કલેક્ટર મિતાબેન ડોડીયાને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓને દિવસમાં બે વાર સવારે અને સાંજે મૃતકોના પરિવારની મુલાકાત લેવા જણાવ્યું છે.

બેઠકની શરૂઆતમાં મૃતકોના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટર આર.એસ. દેસાઈ, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે, મૃતકોના પરિવારજનોને કોઈપણ મુશ્કેલી હોય તો તાત્કાલિક ધોરણે તેનું નિરાકરણ લાવવામાં આવે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન પરિવારજનોને તમામ જરૂરી સહાય અને સહકાર આપવામાં આવશે.

**વાવડી બુઝર્ગ મહેંદી બંગલા પાસે કાર ચાલકે મોપેડ સાથે અકસ્માત સર્જ્યો હતો**

## ગોધરામાં કાર-મોપેડ અકસ્માતમાં બે વ્યક્તિના મોત : કારચાલક ફરાર

• ગોધરા

ગોધરા શહેરના દાહોદ રોડ ઉપર આવેલ વાવડી બુઝર્ગ મહેંદી બંગલા પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરની સામે એક કાર અને મોપેડ ચાલક વચ્ચે અકસ્માત સર્જાતા બે યુવાનોના ઘટના સ્થળ ઉપર કરૂણ મોત નીપજ્યા હતા.

મૃતક મોપેડ ચાલકોની ઓળખ ડામોર સંજયભાઈ અને સમીરભાઈ તરીકે થઈ છે. બંને તાહિર ભોચુ શૉ રૂમ પરથી ગોધરા તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત કર્યા બાદ કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો છે. બનાવની જાણ થતાં સ્થાનિક



પોલીસ અને 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે પહોંચી મૃતદેહો ઉપર કબજો મેળવી પીએમ અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગોધરાના 16 વર્ષીય સમીર તાહિર ભોચુના મોતના સમાચાર સાંભળતાની સાથે જ પરિવારના સભ્યો ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા શહેરના વાવડી બુઝર્ગ ખાતે શો રૂમમાં નોકરી કરતા ગોધરા શહેરના સમીર તાહિર ભોચુ અને સંજયભાઈ ડામોર બપોરના 1.30 વાગ્યાની આસપાસ જમવા માટે ઘરે જતા હતા ત્યારે ગોધરા દાહોદ રોડ ઉપર વાવડી બુઝર્ગ મહેંદી બંગલા પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરની સામે એક કાર ચાલકે મોપેડ ચાલકને અડફેટે લેતાં ઘટના સ્થળ ઉપર કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં પરિવારના સભ્યો તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સમીર તાહિર ભોચુ ગોધરાના રહેવાસી છે જ્યારે સંજયભાઈ ડામોર મોરવા હડફ તાલુકાના કુવાઝર ગામનો વતની છે. હાલ તો પોલીસ દ્વારા બંને મૃતદેહોને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે મોકલી દેવામાં આવ્યા છે.

**ન્યૂઝ ફોકસ** આગ એટલી ભયંકર છે કે, 5 કલાક બેકાબૂ બની રહી હતી. આગની લપેટો એટલી વિકરાળ છે કે કંપનીનું આખું વેરહાઉસ બળીને ખાક થઇ ગયું હોવાની માહિતી મળી રહી છે. આ સાથે દૂર-દૂર સુધી આગના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

# વડોદરાની કંપનીમાં લાગેલી આગ પર ૫ કલાકે કાબૂ મેળવાયો

પ્લાસ્ટિકના દાણા બનાવતી કંપનીમાં લાગેલી આગ પર કાબૂ મેળવવા ફાયરબ્રિગેડની 5થી વધુ ટીમો કામે લાગી હતી

• વડોદરા

વડોદરાના મંજુસર વિસ્તારમાં આવેલી એક કંપનીમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ ઘટનાએ આખા વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. આ આગના બનાવને લઈ વડોદરા ફાયર વિભાગની પાંચ ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી અને સાંજે 6 વાગ્યા સુધીમાં આગને કાબૂમાં લેવામાં આવી હતી.

શહેરના મંજુસર ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત પી.આઈ પોલીબ્લેન્ઝ નામની કંપની, જે પ્લાસ્ટિકના દાણા બનાવવાનું કામ કરે છે ત્યાં આજે ભીષણ આગ લાગી છે. આ આગ એટલી ભયંકર છે કે, 5 કલાક બેકાબૂ બની રહી હતી. આગની લપેટો એટલી વિકરાળ છે કે કંપનીનું આખું વેરહાઉસ બળીને ખાક થઈ ગયું હોવાની માહિતી મળી રહી છે. આ સાથે દૂર-દૂર સુધી આગના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

આગની જાણ થતાં જ વડોદરા ફાયર વિભાગે તાત્કાલિક પગલાં લીધાં છે. હાલમાં ફાયર વિભાગની પાંચ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી , જેમાં ઈઆરસી ફાયર, ટી.પી. 13 અને પાણીગેટ ફાયર સ્ટેશનની ટીમો સામેલ હતી.

સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સ્થિતિ પર નજર રાખી રહી હતી. સદનસીબે હાલ સુધીમાં આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી પરંતુ, આગનું કારણ અને નુકસાનનો આંકડો હજુ સ્પષ્ટ થયો નથી.

આ આ અંગેનો સૌપ્રથમ કોલ આપનાર સ્થાનિક ધનંજય જણાવ્યું હતું કે, હું મારા ફાર્મહાઉસ પર આવ્યો હતો અને ત્યાં મને આગ નજરે પડતાં જ મેં ફાયર વિભાગને જાણ કરી હતી. પ્રાથમિક દષ્ટિએ એવું લાગી રહ્યું છે કે બાજુના ખેતરમાં કચરો કોઈએ સળગાવ્યો હતો અને એના કારણે આ પ્રસરી છે. આગને કારણે કંપનીનું આખું વેરહાઉસ બળીને ખાક થયું હોય એવું જોવા મળી રહ્યું છે.

આ ઘટના અંગે ફાયર ઓફિસર હરેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે આ અંગેનો અમને કોલ મળ્યો હતો અને અમે છેલ્લા બે કલાકથી કામગીરી કરી રહ્યા છીયે. આ મેજર કોલ જાહેર કર્યો છે. હાલમાં ફાયર વિભાગની 12 ગાડી કામે લાગી છે. પચાસ ટકા જેટલી આગ કાબૂમાં આવી છે અને હજુ કામગીરી ચાલી રહી છે. વલસાડ જિલ્લાના વાપીના લવાછા વિસ્તારમાં આવેલા કરમખલ ખાતે આજે ભંગારના ગેરકાયદે ગોડાઉનમાં અગમ્ય કારણસર અચાનક આગ ફાટી નીકળી હતી.



# સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાઓમાં ઉછાળો

## નેચરલ ગેસ, કોટન-ખાંડીના વાયદાઓમાં નરમાઈઃ મેન્થા તેલમાં સુધારો : બિનલોહ ધાતુઓના વાયદાઓમાં મિશ્ર વલણઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.194523 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.1300810 કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.142866 કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 22813 પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર 6થી 12 જૂનના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.1495374.98 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.194523.21 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.1300810.18 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જૂન વાયદો 22813 પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.20748.65 કરોડનું થયું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.142866.63 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.98248ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.98699 અને નીચામાં રૂ.96276ના સ્તરને સ્પર્શી, રૂ.97874ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.518 વધી રૂ.98392ના સ્તરે પહોંચ્યો હતો.

ગોલ્ડ-ગિની જૂન વાયદો સપ્તાહના અંતે 8 ગ્રામદીઠ રૂ.268 વધી રૂ.78582ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો 1 ગ્રામદીઠ રૂ.32 વધી સપ્તાહના અંતે રૂ.9848 થયો હતો. સોનું-મિની જુલાઈ વાયદો 10 ગ્રામદીઠ રૂ.371 વધી રૂ.97786ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.97825ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.98199 અને નીચામાં રૂ.96117ના સ્તરને સ્પર્શી, રૂ.97650ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.319 વધી રૂ.97969ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.105316ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.107369 અને નીચામાં રૂ.104005ના સ્તરને સ્પર્શી, રૂ.104443ના આગલા બંધ સામે રૂ.1442 વધી સપ્તાહના અંતે રૂ.105885 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો સપ્તાહના અંતે રૂ.1412 વધી રૂ.105622ના ભાવે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.1403 વધી રૂ.105605ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.11964.39 કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું જૂન વાયદો રૂ.5.35 ઘટી રૂ.874.85 થયો હતો. જસત જૂન વાયદો રૂ.3.25 ઘટી રૂ.252.1ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો રૂ.2.3 વધી રૂ.242.6ના ભાવે બોલાયો હતો. સીસું જૂન વાયદો 20 પૈસા વધી રૂ.179.6 થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.39681.90 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.5425ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.5858 અને નીચામાં રૂ.5392ના સ્તરને સ્પર્શી, રૂ.5442ના આગલા બંધ સામે રૂ.402 વધી સપ્તાહના અંતે રૂ.5844ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.400 વધી સપ્તાહના અંતે રૂ.5843 થયો હતો.

નેચરલ ગેસ જૂન વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.20.6 ઘટી રૂ.299.1ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.20.5 ઘટી સપ્તાહના અંતે રૂ.299.2 થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.904ના ભાવે ખૂલી, રૂ.28.8 વધી સપ્તાહના અંતે રૂ.931.5ના સ્તરે પહોંચ્યો હતો.

કોટન ખાંડી જુલાઈ વાયદો સપ્તાહના અંતે ખાંડીદીઠ રૂ.450 ઘટી રૂ.53150ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન, સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.93784.71 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.49081.92 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.7625.88 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.1349.02 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.329.57 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.2659.92 કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.10878.30 કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.28803.60 કરોડનાં કામ થયાં હતાં.

મેન્થા તેલના વાયદામાં રૂ.9.65 કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.0.64 કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં 15529 લોટ, સોનું-મિનીના વાયદાઓમાં 30717 લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં 4766 લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં 59611 લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં 7795 લોટના સ્તરે હતો.


ચાંદીના વાયદાઓમાં 17885 લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં 29903 લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં 83052 લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં 12142 લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં 15978 લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જૂન વાયદો 22780 પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં 22863 પોઈન્ટના સ્તર અને નીચામાં 22401 પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે 216 પોઈન્ટ વધી 22813 પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

### એમસીએક્સ ટોપ-10 વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર(%) |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | 18-06-2025 | 5442 | 5844 | 402 | 7.39 |
| ક્રૂડ તેલ-મિની | 18-06-2025 | 5443 | 5843 | 400 | 7.35 |
| મેન્થા તેલ | 30-06-2025 | 902.7 | 931.5 | 28.8 | 3.19 |
| ચાંદી | 04-07-2025 | 104443 | 105885 | 1442 | 1.38 |
| ચાંદી-મિની | 30-06-2025 | 104210 | 105622 | 1412 | 1.35 |
| ચાંદી-માઇક્રો | 30-06-2025 | 104202 | 105605 | 1403 | 1.35 |
| એલ્યુમિનિયમ | 30-06-2025 | 240.3 | 242.6 | 2.3 | 0.96 |
| બુલડેક્સ | 25-06-2025 | 22597 | 22813 | 216 | 0.96 |
| એલ્યુમિનિયમ-મિની | 30-06-2025 | 240.55 | 242.65 | 2.1 | 0.87 |
| સોનું | 05-08-2025 | 97874 | 98392 | 518 | 0.53 |

### એમસીએક્સ ટોપ-10 ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર(%) |
|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | 25-06-2025 | 319.7 | 299.1 | -20.6 | -6.44 |
| નેચરલ ગેસ-મિની | 25-06-2025 | 319.7 | 299.2 | -20.5 | -6.41 |
| જસત | 30-06-2025 | 255.35 | 252.1 | -3.25 | -1.27 |
| જસત-મિની | 30-06-2025 | 255.35 | 252.25 | -3.1 | -1.21 |
| કોટન ખાંડી | 31-07-2025 | 53600 | 53150 | -450 | -0.84 |
| તાંબું | 30-06-2025 | 880.2 | 874.85 | -5.35 | -0.61 |
| સીસું-મિની | 30-06-2025 | 179.4 | 179.25 | -0.15 | -0.08 |
| ગોલ્ડ-ટેન | 30-06-2025 | 96699 | 96680 | -19 | -0.02 |
| બુલડેક્સ | 25-06-2025 | 22644 | 22634 | -10 | -0.04 |
| જસત | 30-06-2025 | 252.4 | 252.35 | -0.05 | -0.02 |




# બ્લેક બોક્સ બ્લેક નહીં પણ ખરેખર નારંગી રંગનું હોય છે


## બ્લેક બોક્સમાં બે મુખ્ય ઉપકરણોનું સંયોજન છેઃ ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR) અને કોકપિટ વૉઈસ રેકોર્ડર (CVR)



વિજ્ઞાનજગત

લેખક :દીપક જગતાપ

પ્લેન ક્રેશ થાય ત્યારે પ્લેન માં ગોઠવેલું બ્લેક બોક્ષ એવુ ઉપકરણ છે જે અકસ્માત પછી અકસ્માત કંઈ ખામીથી કેવી રીતે થયો એનો સઘળો ડેટા બ્લેક બોક્ષ પાસેથી મળી આવે છે. જાણીએ આજે આ બ્લેક બોક્ષ ની કામગીરી વિશે ની વૈજ્ઞાનિક માહિતી.બ્લેક બોક્સની ટેકનિકલ અને વૈજ્ઞાનિક માહિતી ઉપરાંત બોઈંગ 787-8 ડ્રીમલાઈનર, એર ઈન્ડિયા ફલાઈટ AI171 (અમદાવાદ-લંડન) ક્રેશ (12 જૂન, 2025) સંબંધિત વધુ વિગતો અને બ્લેક બોક્સમાંથી મળેલી માહિતી નીચે રજૂ કરવામાં આવી છે.બ્લેક બોક્સ, જે ખરેખર નારંગી રંગનું હોય છે, બે મુખ્ય ઉપકરણોનું સંયોજન છે: ફલાઈટ ડેટા રેકોર્ડર (FDR) અને કોકપિટ વૉઈસ રેકોર્ડર (CVR). આ ઉપકરણો વિમાનના ક્રેશની તપાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. નીચે તેની વધુ ટેકનિકલ વિગતો આપવામાં આવી છે:1. ફલાઈટ ડેટા રેકોર્ડર (FDR)ડેટા રેકોર્ડિંગ: FDR 88થી વધુ પરિમાણોને રેકોર્ડ કરે છે, જેમાં શામેલ છે.આનાથી વિમાનની ઝડપ (એરસ્પીડ અને ગ્રાઉન્ડ સ્પીડ),ઊંચાઈ (બેરોમેટ્રિક અને રેડિયો ઑલ્ટિટ્યૂડ),હેડિંગ (દિશા)એન્જિન પર્ફોર્મન્સ(RPM,થ્રસ્ટ,ફ્યૂઅલ ફ્લો),ફ્લાઈટ કંટ્રોલ સરફેસની સ્થિતિ (ફ્લૅપ્સ, રડર, એલેવોન્સ),સિસ્ટમ ચેતવણીઓ (જેમ કે એન્જિન ફેલ્યોર, લો ઑલ્ટિટ્યૂડ વૉર્નિંગ )જેવી માહિતી મળી શકે છે.બ્લેક બોક્ષ માં ડેટા સોલિડ-સ્ટેટ મેમરીમાં સ્ટોર થાય છે, જે ફ્લેશ મેમરીની જેમ હોય છે અને ડેટાને ક્રેશ દરમિયાન સુરક્ષિત રાખે છે.અવધિ જોઈએ તો FDR સામાન્ય રીતે છેલ્લા 25 કલાકનો ડેટા સ્ટોર કરે છે. જૂનો ડેટા ઓવરરાઈટ થઈ જાય છે.બ્લેક બોક્ષ ક્યાં હોય છે? FDR વિમાનના પૂંછડીના ભાગમાં સ્થાપિત હોય છે, કારણ કે આ ભાગ ક્રેશ દરમિયાન ઓછો નુકસાન થવાની શક્યતા ધરાવે છે.જયારે કોકપિટ વૉઈસ રેકોર્ડર (CVR)ઑડિયો રેકોર્ડિંગ CVR નીચેની વિગતો રેકોર્ડ કરે છે. જેમકેપાઈલટ્સની જે વાતચીતથઈ હોયએર ટ્રાફિક કંટ્રોલ (ATC) સાથેનું રેડિયો કોમ્યુનિકેશન,કોકપિટના આસપાસના અવાજો(જેમ કે એન્જિનનો અવાજ, ચેતવણીના એલાર્મ, વિમાનની યાંત્રિક હિલચાલ) આ બધું રેકોર્ડ થાયછે.આધુનિક CVR 2 કલાકથી 25 કલાક સુધીનો ઑડિયો સ્ટોર કરી શકે છે.જૂનો ઑડિયો ઓવરરાઈટ થઈ જાય છે.એમાં CVR બહુવિધ માઈક્રોફોન ધરાવે છે, જેમાં કોકપિટ એરિયા માઈક્રોફોન અને પાઈલટના હેડસેટનો સમાવેશ થાય છે.CVR નો ઑડિયો પાઈલટની માનસિક સ્થિતિ, નિર્ણય લેવાની પ્રક્રિયા, અને કટોકટીની પરિસ્થિતિમાં તેમની પ્રતિક્રિયાઓને સમજવામાં મદદ કરે છે.બ્લેક બોક્સ સ્ટેનલેસ સ્ટીલ અથવા ટાઈટેનિયમના બનેલા હોય છે, જે થર્મલ ઈન્સ્યુલેશન લેયરથી આવરિત હોય છે.તે 1,100C સુધીની ગરમીમાં 30-60 મિનિટ સુધી ટકી શકે છે. એનુંદબાણ જોઈએ તો 14,000 ફીટ (4,300 મીટર) ઊંડા પાણીના દબાણને સહન કરી શકે છે. અને 3,400 G (ગુરુત્વાકર્ષણ બળ)સુધીના આઘાતને ટકાવી શકે. છે.જો પ્લેન દરિયામાં ખાબકે તો અન્ડરવોટર લોકેટર બીકન (ULB) પાણીમાં ડૂબેલું હોય તો 37.5 kHz ફ્રીક્વન્સી પર સિગ્નલ મોકલે છે, જે 30-90 દિવસ સુધી સક્રિય રહે છે.પ્લેન ક્રેશ થયા પછી બ્લેક બોક્ષ શોધવા માં આવે છે. એ માટે ડેટા રિકવરી પ્રક્રિયા શરૂ કરાય છે.ક્રેશ સાઈટ પર બ્લેક બોક્સ શોધવા માટે રેસ્ક્યૂ ટીમો અને ખાસ સાધનો (જેમ કે સોનાર)નો ઉપયોગ થાય છે.બ્લેક બોક્ષ મળે પછી એનુંપ્રોસેસિંગ. શરૂ થાય છે.બ્લેક બોક્સ મળ્યા પછી, તેને લેબોરેટરીમાં લઈ જવાય છે. જો તે પાણીમાં ડૂબેલું હોય, તો કાટ દૂર કરવા અને ડેટા સુરક્ષિત રાખવા માટે ખાસ પ્રક્રિયા અપનાવવામાં આવે છે.ત્યાર પછી એનું વિશ્લેષણ કરવામાં આવે છે FDR નો ડેટા ગ્રાફ અને ટાઈમલાઈન આધારિત વિશ્લેષણ માટે કમ્પ્યૂટર સોફ્ટવેરમાં ટ્રાન્સફર થાય છે. CVR નો ઑડિયો ટ્રાન્સક્રિપ્ટ કરવામાં આવે છે અને એન્જિનિયરો દ્વારા તેનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવે છે. ડેટા ડીકોડિંગ અને વિશ્લેષણમાં સામાન્ય રીતે અઠવાડિયાથી મહિનાઓ લાગી શકે છે, આ બ્લેક બોક્સની સ્થિતિ અને ડેટાની જટિલતા પર આધાર રાખે છે.બોઈંગ 787-8 ડ્રીમલાઈનર અને ફ્લાઈટ AI171 ક્રેશની વિગતોબોઈંગ 787-8 ડ્રીમલાઈનર એ બોઈંગનું આધુનિક, લાંબા અંતરનું, વાઈડ-બોડી વિમાન છે, જે 2011માં કોમર્શિયલ સેવામાં આવ્યું હતું. ફ્લાઈટ AI171, જે અમદાવાદથી લંડન ગેટવિક જઈ રહી હતી, 12 જૂન, 2025ના રોજ ટેકઑફની થોડી ક્ષણો બાદ મેઘાણી નગર વિસ્તારમાં ક્રેશ થઈ હતી. આ ઘટના બોઈંગ 787-8ડ્રીમલાઈનરનો પ્રથમ ઘાતક ક્રેશ હતો.ક્રેશની મુખ્ય વિગતો જોઈએ તોબોઈંગ 787-8 ડ્રીમલાઈનર, રજિસ્ટ્રેશન VT-ANB, સીરિયલ નંબર 36279, 2014માં એર ઈન્ડિયાને ડિલિવર કરાયું હતું. ફ્લાઈટ AI171 એ 12 જૂન, 2025ના રોજ બપોરે 1:38 વાગ્યે (IST) અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના રનવે 23 પરથી ટેકઑફ કર્યું હતું.અનેટેકઑફની લગભગ 30 સેકન્ડ બાદ, વિમાન માત્ર 625 ફીટ (190 મીટર) ની ઊંચાઈએ પહોંચ્યું અને મેઘાણી નગરમાં BJ મેડિકલ કૉલેજના હૉસ્ટેલમાં ધડાકાભેર ક્રેશ થયું, જેના કારણે મોટો વિસ્ફોટ થયો.જેમાં242 મુસાફરો અને ક્રૂ સભ્યોમાંથી 241ના મોત થયા, જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, અને 1 કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે. ઉપરાંત, જમીન પર ઓછામાં ઓછા 28 લોકોના મોત થયા, જેનો કુલ મૃત્યુઆંક 269 થયો.જેમાં વિશ્વાસ કુમાર રમેશ (38), બ્રિટિશ નાગરિક, સીટ 11A (ઈમરજન્સી એક્ઝિટ પાસે) બેઠેલો હતો, તે એકમાત્ર બચેલો હતો.મેડે કૉલ: ટેકઑફ પછી તરત જ કોકપિટે મેડે (MAYDAY) ડિસ્ટ્રેસ કૉલ જારી કર્યો, પરંતુ તેનો કોઈ જવાબ ન મળ્યો. સંભવિત કારણો (પ્રારંભિક અનુમાન)એન્જિન ફેલ્યોર: કેટલાક નિષ્ણાતોએ બે એન્જિનોની નિષ્ફળતાની શક્યતા વ્યક્ત કરી છે, જે અત્યંત દુર્લભ છે.કદાચબર્ડ સ્ટ્રાઈકની ઘટના પણ હોઈ શકે અમદાવાદ એરપોર્ટ પક્ષીઓની સમસ્યા માટે જાણીતું છે. ગુજરાતમાં 2018-2023 દરમિયાન 462 બર્ડ સ્ટ્રાઈકના કેસ નોંધાયા હતા, જેમાં મોટા ભાગના અમદાવાદ એરપોર્ટ પર થયા હતા.જોકે CCTV ફૂટેજમાં વિમાનનું નોઝ ઉપરની તરફ હતું, પરંતુ તે ઊંચાઈ ન લઈ શક્યું, જે ફ્લૅપ્સની ખોટી સેટિંગ અથવા નિષ્ફળતા સૂચવે છે. જો કે, બોઈંગ 787ની ટેકઑફ કન્ફિગરેશન વૉર્નિંગ સિસ્ટમ આવી ભૂલને ચેતવણી આપે છે.વીડિયોમાં લેન્ડિંગ ગિયર નીચે રહેલું જોવા મળ્યું, જે ટેકઑફ દરમિયાન અસામાન્ય છે.કદાચમેન્યુફેક્ચરિંગ ખામી. પણ હોઈ શકે.2024માં બોઈંગના વ્હિસલબ્લોઅરે ડ્રીમલાઈનરના ફ્યૂઝલેજની ખામીઓનો આરોપ લગાવ્યો હતો, પરંતુ બોઈંગે તેને નકારી હતી. વિમાનમાં 100 ટન ફ્યૂઅલ હતું, જે લંડનની લાંબી ફ્લાઈટ માટે સામાન્ય હતું, પરંતુ ક્રેશ દરમિયાન આગની તીવ્રતા વધારીહતી જેને241 મુસાફરો કારણે આગમાં ભડથુંથઈ ગયા.




# GCCI દ્વારા ૧ થી ૧૫ જૂન, દરમિયાન આયોજિત થયેલ પખવાડિક "મેગા બ્લડ ડોનેશન કેમ્પ"

## વિવિધ એસોસિએશનના સહયોગ તેમજ રક્તદાતાઓની નિષ્ઠાને બિરદાવતા સુંદર પ્રતિભાવ આપ્યો

• પાક્કો ગુજરાત

વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) મહાજન સંકલન ટાસ્કફોસ દ્વારા તેના સંલગ્ન સભ્ય સંગઠનો સાથે મળીને તારીખ ૧ જૂન થી ૧૫ જૂન, ૨૦૨૫ દરમિયાન એક મેગા બ્લડ ડોનેશન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર પખવાડિક કેમ્પના આયોજનમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ જાણીતા વિશાખા ગ્રુપ નો ખુબ સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો.

ઉપરોક્ત પખવાડિક કેમ્પના ઉપલક્ષ્યમાં સમગ્ર રાજ્યમાં, અલગ અલગ સ્થળોએ વિવિધ રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને પરિણામે GCCIના સંલગ્ન સંગઠનોના સભ્યો અને અન્ય નાગરિકોએ ૧૪૦૦ યુનિટથી પણ વધુ રક્તદાન કરેલ છે. GCCI દ્વારા આયોજિત થનાર આ નિયમિત પ્રવૃત્તિ અન્વયે જાન્યુઆરી ૨૦૨૫ ના કેમ્પની સરખામણીમાં આ વર્ષના દાતાઓમાં લગભગ 40% જેટલો નોંધપાત્ર વધારો થયેલ છે જે સામાન્ય જનતાની આ અંગે જાગૃતિ નો પરિચય કરાવે છે.

GCCIના પ્રમુખ શ્રી સંદીપ એન્જિનિયરે બધા જ સંલગ્ન સંગઠનોની




તેઓ દ્વારા આપવામાં આવેલ ઉત્સાહપૂર્ણ પ્રતિભાવ માટે ખૂબ પ્રશંસા કરી હતી. તેઓએ બધા રક્તદાતાઓને પણ તેઓની સામાજિક કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે બિરદાવ્યા હતા.

આ પ્રસંગે GCCIના સીનીઅર ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગાંધીએ વિશ્વ રક્તદાન દિવસના ઉપલક્ષ્યમાં આયોજિત આ રક્તદાન પખવાડિકમાં સહયોગ આપવા માટે તેમજ તે થકી જરૂરતમંદોને મદદરૂપ થવા માટે વિવિધ સંલગ્ન એસોસિએશનને બિરદાવ્યા હતા.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ના સંયોજન થી રક્તદાન પ્રક્રિયાની કાર્યક્ષમતા વધારવા માટે સંસ્થાના સંપૂર્ણ ડિજિટલાઈઝેશન અને નવી તકનીકોના ઉપયોગ બાબતે માહિતી પૂરી પાડી હતી. તેમણે ખાસ કરીને થેલેસેમિયા થી પીડિત બાળકો માટે રક્તદાનની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

ભાગ લેનારા વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓએ શિબિરમાં તેમની ભાગીદારી બાબતે ખુબ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો તેમજ ભવિષ્યમાં માનવતાના આ સુંદર કાર્ય માટે સંપૂર્ણ સમર્થન ની ખાતરી આપી હતી. GCCI ના વાઈસ પ્રેસિડેન્ટશ્રી અપૂર્વભાઈ શાહ તેમજ માનદ મંત્રીશ્રી ગૌરાંગભાઈ ભગતે પણ વિવિધ એસોસિએશનના સહયોગ તેમજ રક્તદાતાઓની નિષ્ઠાને બિરદાવતા સુંદર પ્રતિભાવ આપ્યો હતો.

# રાણાવાવ નગરપાલિકામાં નિર્મળ ગુજરાત 2.0 યોજના હેઠળ આઈકોનિક રોડના નિર્માણ કાર્યનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

• વિરમભાઈ કે. આગઠ

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં આધુનિક માળખાગત સુવિધાઓ અને સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા અમલમાં મુકાયેલા નિર્મળ ગુજરાત 2.0અભિયાનના અનુસંધાને રાણાવાવ નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૧૪ જૂન, ૨૦૨૫ના રોજ આઈકોનિક રોડના નિર્માણ કાર્ય માટે ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન અંતર્ગત રાણાવાવ શહેરમાં આવેલ ખાખરીયા નાગ દેવતાના મંદિરથી લઈને સ્વામી વિવેકાનંદ સ્કૂલ સુધી આઈકોનિક રોડ નિર્માણ થનાર છે. ઉલ્લેખનીય છે કે આ વિકાસકાર્ય શહેરના વાહનવ્યવહાર અને માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો લાવશે અને નાગરિકોને વધુ સગવડભર્યું અને સુવ્યવસ્થિત માર્ગ વ્યવસ્થાપન પૂરું પાડી શકશે. ખાતમુહૂર્ત પ્રસંગે રાણાવાવ નગરપાલિકાની પ્રમુખ ગીતાબેન ભૂતિયા, કારોબારી ચેરમેન યાસ્મીનબેન પોપટિયા તથા સર્વશ્રી નગરપાલિકા સદસ્ય મેરૂભાઈ ઓડેદરા, ધર્મેશભાઈ મકવાણા, મિલનભાઈ પુરોહિત અને અહેજાદબાપુ કાદરી ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત રાણાવાવ શહેરના આગેવાનો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**તપાસ ચાલુ** ઉચ્ચસ્તરીય કમીટી બનાવવામાં આવી છે. ત્રણ મહિનામાં રિપોર્ટ મળવાની સંભાવના છે

# પેરિસ-દિલ્હીની વિમાનની આગલી સફર 'સુરક્ષિત' હતી, એકાએક ખામી આંચકાજનક

## દુર્ઘટના અને તેમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના દર્શાવતા ઉડ્ડયનમંત્રીએ કહ્યું કે ખુદ પોતે માર્ગ અકસ્માતમાં પિતા ગુમાવ્યા હતા એટલે દુર્ઘટનાથી મોતમાં પરિવાર કેવી હાલતમાં મુકાય છે તેનાથી પોતે વાકેફ છે

• નવી દિલ્હી

અમદાવાદ એરપોર્ટ પર ભયાનક વિમાની દુર્ઘટના પછી હાલ પાંચ એજન્સીએ તપાસ કરી રહી છે. દરેકદરેક પાસા ચકાસાશે અને વિમાની-પ્રવાસી-સુરક્ષાને પ્રાથમીકતા આપીને પ્રવર્તમાન પ્રોટોકોલમાં ફેરફાર કરવાનુ કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી રામમોહન નાયડુએ જાહેર કર્યુ હતું.

અમદાવાદ વિમાની દુર્ઘટનાને પગલે ઉડ્ડયન મંત્રાલયની ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવી હતી. દુર્ઘટનાને લગતા અને મુસાફરોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ તેઓએ કહ્યું કે એરઈન્ડિયાની ફલાઈટ એઆઈ-171નુ ગુરૂવારે બપોરે 1.39 વાગ્યે ટેકઓફ થયુ હતુ. તુર્તજ ક્રેશ થયુ હતુ.માંડ 650 ફુટની ઉંચાઈ હાંસલ કરી શકયુ હતુ. વિમાનનુ બ્લેકબોકસ મળી ગયુ છે તેનું રીકોર્ડીંગ થયા બાદ ક્રેશનુ વાસ્તવિક કારણ સામે આવી શકશે. સરકાર પણ બ્લેકબોકસના તારણોની પ્રતીક્ષા કરી રહી છે.તેમના કહેવા પ્રમાણે મહત્વની વાત એ હતી કે પેરિસથી દિલ્હી સુધીની વિમાનની આગલી ફલાઈટ એકદમ સુરક્ષિત હતી અને કોઈ સમસ્યા કે ખામી માલુમ પડી ન હતી.દુર્ઘટના અને તેમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના દર્શાવતા ઉડ્ડયનમંત્રીએ કહ્યું કે ખુદ પોતે માર્ગ અકસ્માતમાં પિતા ગુમાવ્યા હતા એટલે દુર્ઘટનાથી મોતમાં પરિવાર કેવી હાલતમાં મુકાય છે તેનાથી પોતે વાકેફ છે.હાલ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી, ડીજીસીએ, એઆઈબી સહિત પાંચ એજન્સી તપાસ કરે છે. મૃતકોના ડીએનએ મેચ કરવાની કાર્યવાહી ચાલુ છે અને ત્યારબાદ વ્હેલીતકે મૃતદેહો પરિવારોને સોંપી દેવામાં આવશે.તેઓએ કહ્યું કે વિમાની સુરક્ષાને પ્રાથમીકતાનો ઉદેશ છે. આજની બેઠકમાં એર સેફટી વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉચ્ચસ્તરીય કમીટી બનાવવામાં આવી છે. ત્રણ મહિનામાં રિપોર્ટ મળવાની સંભાવના છે.સુરક્ષા સંબંધી ભલામણો પણ તે સુચવશે અને સરકાર તે લાગુ પણ કરશે. બોઈંગ 787 વિમાનોના ઈન્સ્પેકશન પણ કરાશે. ભારતમાં આવા 34 વિમાન છે તેમાંથી આઠનુ ઈસ્પેકશન કરી લેવામાં આવ્યું છે.






# તેરવાડા ગામની પરણિત યુવતી ગોદા પાસે નર્મદા કેનાલમાં કૂદી ..SDRF ટીમે બચાવી

### જવાનોએ યુવતીને કેનાલમાં ડૂબતી જોઇ હતી અને બચાવી લીધી છે :પી એસ આઈ SDRF



• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની

તાલીમ માટે ટીમ કેનાલ પર પોહચી હતી કેનાલમાં ડૂબતી યુવતીને જોઈ જવાનો કેનાલમાં કુદયા અને યુવતીને બચાવી લીધી દિયોદર તાલુકાના ગોદા નર્મદા કેનાલમાં શનિવારે વહેલી સવારે SDRF ટીમ ટ્રેનીંગ માટે કેનાલ પર આવતા કેનાલમાં એક ૨૦ વર્ષીય યુવતી કેનાલમાં ડૂબતી હોવાનું દેખાતા તાત્કાલિક ધોરણે જવાનોને કેનાલ માંથી યુવતીને બચાવી બહાર કાઢી બેભાન અવસ્થામાં સારવાર અર્થે દિયોદર રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાઇ હતી જેમાં સારવાર બાદ યુવતી ભાન માં આવી હતી અને વધુ સારવાર અર્થે ડીસા હોસ્પિટલ લઈ જવામાં આવી હતી કાંકરેજ તાલુકાના તેરવાડા ગામની બિલકેશબેન જાવિદભાઈ સુમરા શનિવારે કોઈ અગમ્ય કારણસર ઘરે થી નીકળી ગઈ અને કેનાલમાં કૂદી હતી.

જેમાં ગોદા પાસે આ યુવતી કેનાલમાં ડૂબતી હોવાનું ટ્રેનીંગ અર્થ આવેલ SDRF ટીમ ના જવાનો ને દેખાતા તાત્કાલિક ધોરણે SDRF જવાનોએ કેનાલમાં કૂદી યુવતીને બચાવી કેનાલમાંથી બહાર નીકાળી હતી અને દિયોદર ૧૦૮ ટીમ ને જાણ કરતા ઘટના સ્થળ પર ટીમ દોડી આવી સારવાર અર્થ દિયોદર રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ જેમાં વધુ સારવાર અર્થે ડીસા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી યુવતીએ ક્યાં કારણસર કેનાલમાં ઝંપલાવ્યું તે જાણવા મળ્યું નથી યુવતીના પરિવારજનો દિયોદર હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા આ બાબતે SDRF પી એસ આઈ નવલસિંહ રાઠોડ એ જણાવેલ કે પ્રિમોન્સન ની ટ્રેનીંગ માટે એસ ડી આર એફ ના જવાનો કેનાલ પર આવ્યા હતા જેમાં ગોદા પાસે આ યુવતી કેનાલમાં ડૂબતી હતી જેથી અમારી ટીમે યુવતીને બચાવી છે અને સારવાર અર્થ લાવી છે

# તુલસીધામ ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ સામે બનેલ ચેઈન સ્નેચીગના ગુનાનો આરોપી ઝડપાયો



• કેતન મહેતા, ભરૂચ

ગત તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ ફરીયાદી પુષ્પાબેન દિલીપસિંહ પ્રતાપસિંહ રાઠોડનાઓ તુલસીધામ ત્રણ રસ્તાથી જ્યોતિનગર તરફ ચાલતા ચાલતા હરીહર કોમ્પલેક્ષની આગળ ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષની સામે રોડ ઉપર આવતા સાંજના પોણા છ વાગ્યે જ્યોતિનગર તરફથી સફેદ અને ભુરા કલરની ડિઓ મોપેડ ઉપર બે અજાણ્યા ઈસમો આવી મોપેડની પાછળ બેસેલ ઈસમે તેમના ગળામાંથી સોનાની પેન્ડલ સહિતની ચેઈન તોડીને નાસી ગયેલ હોવાની ફરીયાદ કરેલ. આ કામે સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ. આર.એસ.પાટીલ તથા પો.સબ.ઈન્સ. એ.એન.ચૌધરી. તથા સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે તપાસ કરતા આ કામના પકડવાનો બાકી આરોપી અમદાવાદ ખાતે હોવાની માહિતી મળેલ જે આધારે ફૈજાન ઉર્ફે પંડીત મહમદ હુસેન જાતે શેખને અમદાવાદ ખાતેથી આરોપીને ઝડપી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# જે ડોકટર્સના મોત થયા છે તેમના શબ પડ્યા છે અને અમને મકાન ખાલી કરાવે છે !

### સરકારી મકાન ખાલી કરવાનો બે દિવસનો સમય આપે તો વાંધો શું?

• પાક્કો ગુજરાત

કોઈપણ દુર્ઘટના થાય ત્યારે તંત્ર લોકો પર મનમાની કરે છે. 12 જૂન 2025ના રોજ, અમદાવાદમાં ટાટા કંપનીનું પેસેન્જર પ્લેન બોઈંગ 787-8 ડ્રીમલાઈનર ટેકઓફ થયુ ત્યાં મેઘાણીનગરમાં મેડિકલ સ્ટુડન્ટ હોસ્ટેલ પર તૂટી પડ્યું. ડોકટરના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે બીજી તરફ તાત્કાલિક મકાન ખાલી કરવા ડોકટર્સ પર દબાણ થઈ રહ્યું છે. સૌથી આઘાતજનક બાબત એ છે કે કુલ કેટલા મેડિકલ સ્ટુડન્ટસ/ ડોકટર્સના મોત થયા? કેટલા નાગરિકોના મોત થયા? તેની વિગત સરકાર છૂપાવી રહી છે. ડો. અનિલ અને તેમના પત્ની આસિસ્ટન્ટ પ્રોફેસર છે. તેની સ્થિતિ મજૂર જેવી છે. શરીર અને કપડાં પર કાળી રાખ ચોંટેલી છે. 13 જૂનની રાત્રે નવ વાગ્યે તે સરકારી મકાન ખાલી કરી રહ્યા છે. તે રડતાં રડતાં કહે છે કે "જ્યારે પ્લેન ક્રેશ થયું ત્યારે હું અને મારા પત્ની હોસ્પિટલમાં ડ્યુટી પર હતા. ઘર પર મારી અઢી વર્ષની દીકરી અને કામવાળી હતી. દીકરીના શ્વાસોશ્વાસમાં ધુમાડો ઘૂસી જતાં હાલ સારવાર હેઠળ છે. મારે અત્યારે દીકરી પાસે હોવું જોઈએ તેના બદલે હું સામાન ફેરવી રહ્યો છું. મારુ અડધું ઘર બળી ગયું છે. પરંતુ ઘર ચલાવવા બેઝિક સામાન જોઈએ તે લેવા માટે સમય તો આપો ! શું અમે માણસ નથી? હું મકાન ખાલી કરવા બે-ત્રણ દિવસનો સમય માંગું છું.



જે ડોકટર્સના મોત થયા છે તેમના શબ પડ્યા છે અને અમને મકાન ખાલી કરાવે છે !" પ્લેન ક્રેશ ઘટનાની તપાસ માટે અસરગ્રસ્ત જગ્યા ખાલી કરાવવાની જરુરિયાત હોય તે સમજી શકાય છે. પરંતુ શું તંત્રએ Disaster managementની તાલીમ લીધી જ નહીં હોય? શું તંત્રનું આ પગલું ડિઝાસ્ટર મેનેજમેન્ટની સમજણનો અભાવ દર્શાવતું નથી? સંવેદનાનો અભાવ સૂચવતું નથી? જેમના અડધા ઘર સળગી ગયા છે, જેમના પરિવારજનો હોસ્પિટલમાં એડમિટ છે, તેમને સરકારી મકાન ખાલી કરવાનો બે દિવસનો સમય આપે તો વાંધો શું? વળી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી. તાત્કાલિક સામાન લઈને ક્યાં જવું? તે પ્રશ્ન પણ મૂંઝવે !

# છેલ્લા પાંચ વર્ષથી બળાત્કાર અને પોક્સોના ગંભીર ગુનાના ફરાર ઝબ્બે

### ભરૂચ શહેર "સી" ડીવીઝન પોલીસની કાર્યવાહી

• કેતન મહેતા, ભરૂચ

નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ, ભરૂચ ડૉ.અનિલ સિસારાનાઓના માર્ગદર્શન હેઠળ તથા એ.વી.પાણમીયા પોલીસ ઈન્સ્પેકટર ભરૂચ શહેર "સી" ડીવીઝન પોલીસ સ્ટેશનનાઓની સુચનાના આધારે,

ભરૂચ નામદાર સ્પે.પોક્સો અને ત્રીજા એડીશનલ સેશન્સ કોર્ટ દ્વારા સેસન્સ કેસના કામના આરોપી રાકેશભાઈ રતનસંગ મકવાણાનાઓનું પકડ વોરંટની બજવણી કરવા માટે ભરૂચ પો.સ્ટે.ખાતે મળેલ હોય અને સદર આરોપી પોતાની ધરપકડ ટાળવા માટે છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો હોય જે બાબતે પકડ વોરંટ મળતા આ કામે સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ. બી.એસ.શેલાણા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે તપાસ કરતા આ કામે પકડ વોરંટનો આરોપી રાકેશભાઈ રતનસંગભાઈ મકવાણા ભાવનગર જીલ્લાના બગદાણા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં હોવાની માહીતી મળેલ. જે આધારે બગદાણા ખાતે એક ટીમ રવાના કરી ત્યાં તપાસ કરતા આરોપી આજુબાજુના કોઈ ગામમાં ખેત મજુરી કરતો હોવાની હકિકત જણાઈ આવેલ જેથી પોલીસ તરીકેની ઓળખ છુપી રહે તે માટે વેશપલટો કરી ખેડુત મજુર બની ત્યાં રોકાઈ ગયેલ અને આજુબાજુના દિહોર, દેલા, નેસીયા, ત્રાપજ, કુઢેલી, ટીમાણા ગામોમાં અલગ અલગ ખેતર વાડીમાં ખેતમજુરી કરી આરોપીની તપાસ કરતા આ કામનો આરોપી રોજ અલગ અલગ વાડીમાં મજુરી કામ કરવા જતો હોય જેથી ત્રણ દિવસ સુધી આરોપીની વોચ કરતા યુક્તિ-પ્રયુક્તિથી તેની ભાળ મળતા તેને પકડી પાડી ભરૂચ ખાતે લાવી તેના વિરૂધ્ધમાં ઉપરોકત પકડ વોરંટના કામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકો માટે દિયોદરના વખા હનુમાન દાદાના મંદિરે શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ

• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની દ્વારા

બુધવારે અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર મૃતકો માટે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે દિયોદર તાલુકાના વખા હનુમાન દાદાના સાનિધ્યમાં ભારત વિકાસ પરિષદ દિયોદર દ્વારા હનુમાન ચાલીસા પાઠ ભજન નું આયોજન કરાયું હતું જેમાં શનિવારના રોજ દર્શન અર્થ આવતા દરેક શ્રદ્ધાળુએ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોને ભગવાન તેમના દિવ્ય આત્મા ને શાંતિ આપે તે માટે હનુમાન ચાલીસા પાઠ ભજન કાર્યક્રમ યોજી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી જેમાં ભારત વિકાસ પરિષદ દિયોદર દ્વારા હનુમાન દાદાના મંદિર ખાતે બે મિનિટ મૌન પાળી મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પ્રાર્થના કરી હતી આ બાબતે પ્રદીપભાઈ શાહ એ જણાવેલ કે અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાનના અકસ્માતમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યો છે ,તે સાંભળી હૈયું કંપી ઊઠે છે .આખી ઘટના અકલ્પનીય છે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ એમાં અવસાન પામ્યા .તે આઘાતજનક બાબત છે પ્રભુ દરેક આત્માને પરમ શાંતિ આપે તેવી અંત: કરણથી પ્રાર્થના છે



**અગ્રણીની માર્ગ અકસ્માતમાં ઘટના સ્થળે જ દુઃખદ અવસાન થતાં સમગ્ર વિસ્તારમાં શોકની કાલિમા છવાઈ**

# થરા માં આઈ ટેવેન્ટી ગાડી અને ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

### અકસ્માતમાં માર્કેટયાર્ડના યુવા વહેપારી ગોવિંદ વી.ચૌધરીનું અકસ્માતમાં કરૂણ મોત





• માનસિંહ ચૌહાણ કાંકરેજ

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન અણદાભાઈ પટેલના ભત્રીજા,બનાસ ડેરી,પ્રગતિબેંક થરાના ડિરેક્ટર માર્કેટ ખાતે આવેલ પટેલ વિસાભાઈ રામાભાઈ પેઢીના માલિક ખસા ના વતની અને થરાને કર્મભૂમિ બનાવી થરા ખાતે રહેતા સમાજ ના એક ઉધમી,સતત સેવાભાવી અને નિષ્ઠાવાન યુવાન વડીલ અને શેઠના હુલામણા નામથી ઓળખાતા ચૌધરી ગોવિંદભાઈ વિસાભાઈ ચૌધરી (ઉ.વર્ષ.આ.૪૮) નું ગઈ કાલ તા. ૧૪/૦૬/૨૦૨૫ ને શનિવાર ના રોજ થરા નેશનલ હાઈવેના ઓવર બ્રીજ પર જુના પોલીસ કવોટર સામે શિહોરીથી રાધનપુર તરફ જતું ડમ્પર નં.આર.જે.૦૪ જી.સી.૪૬૬૧ અને આઈ-૨૦ કાર નં.જી.જે.૨૭ બી.ઈ.૮૯૭૧ વચ્ચે સવારે દશ વાગ્યા આસ પાસ થયેલ માર્ગ અકસ્માતમાં ઘટના સ્થળે જ દુ:ખદ અવસાન થતાં સમગ્ર વિસ્તારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. અકસ્માતના સમાચાર જેમ જેમ મળતાં લોકો ઘટના સ્થળે તથા થરા શ્રી જે. વી.શાહ સરકારી રેફરલ હોસ્પિટલમાં લોકોના ટોળે ટોળા એકઠા થયા હતા.સ્વ. ગોવિંદભાઈ વિસાભાઈ ચૌધરી લોકોમાં નાની ઉંમરે સારી એવી લોકચાહના ધરાવતા યુવા વેપારી હતા. ઘટનાની જાણ થતાં થરા ટાઉન પી. આઈ. કે. બી દેસાઈ પોલીસ જમાદાર તથા ટી. આર.બી. જવાનો ઘટના સ્થળે દોડી આવી ટ્રાફિક વ્યવસ્થાને સંભાળી હતી.સ્વ.ગોવિંદભાઈ ચૌધરીનો પાર્થિવ દેહને માદરે વતન ખસા ખાતે લાવતા સ્મશાન યાત્રામાં અણદાભાઈ પટેલ, રાજાભાઈ પટેલ,ભેમાભાઈ પટેલ,શંકરભાઈ પટેલ સહીત તેમનો પરિવાર તેમજ સામાજિક -રાજકીય આગેવાનો, વહેપારીઓ,ખેડૂત વર્ગ વિશાળ સંખ્યામાં સ્મશાનયાત્રામા જોડાઈ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI